સુવિચાર
જીવનમાં બે સરળ સૂત્ર છે સંપૂર્ણ સમજ્યા વગર કોઇ ચર્ચા ન કરશો અને ગેરસમજમાં કોઇ સાથે સંબંધ પૂર્ણ ન કરશો

RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક



દેશ વ્યાપી સાયબર ગુનાખોરીના નેટવર્કનો પર્દાફાશ: છ ઝડપાયા, ચાર શખ્સોની શોધખોળ P-4

Year-16, Issue-257 ■ DATE : 13-02-2026 FRIDAY ■ Retail Selling Price : Rs. 3/- ■ Page-4 ■ DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# શેરબજારમાં 'બ્લેક ફ્રાઈડે': સેન્સેક્સમાં ૯૦૦ પોઇન્ટનો કડાકો




## આઈટી શેરોમાં જંગી ધોવાણ: રોકડાના શેરોમાં વેચવાલી: ઈન્વેસ્ટરોનું કરોડો રૂપિયા સ્વાહા : સોનામાં ૫૦૦૦ રૂપિયાનો કડાકો

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

શેરબજારમાં બજેટ, ટ્રેડ ડીલ સહિતની પોઝીટીવ અસરો ખત્મ થઇ ગઇ હોય તેમ આજે મંદીનું મોજુ ફરી વળ્યું હતું અને પ્રારંભીક કામકાજમાં સેન્સેક્સમાં ૯૦૦ પોઇન્ટનો કડાકો સર્જાઇ ગયો હતો. ઇન્વેસ્ટરોના કરોડો રુપિયાનું ધોવાણ થઇ ગયું હતું. હેવી વેઇટ કરતાં રોકડાના શેરોમાં વધુ જોરદાર ગાબડા પડ્યા હતા.

શેરબજારમાં આજે શરુઆત જ નબળા ટોને થઇ હતી. વિશ્વ બજારોની મંદી વિદેશી નાણાં સંસ્થાઓની વેચવાલી, નવા પોઝીટીવ કારણોની ગેરહાજરી, કોર્પોરેટ પરિણામો નબળા આવવા સહિતના પરિબળોથી ટ્રેડ મંદીનો બની ગયો હતો.

વિશ્વ સ્તરે આર્ટીફીશીયલ ઇન્ટેલીજન્સ (એઆઇ) એઆઇ વિશે નવા નવા સંશોધનોથી આઇટી સહિતના ક્ષેત્રોમાં ગંભીર પ્રભાવ પડવાના ભણકારા ટુંકા ગાળામાં જ ૯૯ ટકા વ્હાઇટ કોલર નોકરીઓ પર હથોડો વિંઝાવાના એંધાણ સહિતના પરિબળોનો ગભરાટ હતો.

અમેરિકામાં ટુંકાગાળામાં વ્યાજદર ઘટાડા પર બ્રેક લાગવાની ચિંતા ઉપરાંત ભારતમાં પણ ફુગાવાની નવી સીરીઝના કારણે વધુ વ્યાજદર ઘટાડો નહીં થવાની અટકળો માનસ નબળું પડી રહ્યું હતું.

શેરબજારમાં આજે મોટાભાગના શેરોમાં ગાબડા પડ્યા હતા. ભારત ફૌજ, બજાજ ફાઇનાન્સ, મેથ્સ ફાઇનાન્સ, ટોરેન્ટ ફાર્મા જેવા કેટલાક શેરો મજબૂત હતા. જ્યારે મુથુટ ફાઇનાન્સ, હિન્દાલકો, ઇન્ફોસીસ, ટીસીએસ, એચડીએફસી બેંક, વોડાફોન, યશ બેંક, પતંજલી સહિતના શેરોમાં ગાબડા પડ્યા હતા.

મુંબઇ શેરબજારનો સેન્સેક્સ ૭૨૪ પોઇન્ટના ઘટાડાથી ૮૨૯૫૦ હતો તે ઉંચામાં ૮૩૦૭૯ તથા નીચામાં ૮૨૭૭૧ હતો. નીફટી ૨૩૩ પોઇન્ટ ગગડીને ૨૫૫૭૩ હતો જે ઉંચામાં ૨૫૬૩૦ તથા નીચામાં ૨૫૫૧૩ હતો.

બુલીયન બજારમાં ફરી ઉથલપાથલનો દોર શરુ થયો હોય તેમ સોના-ચાંદીમાં જોરદાર વધઘટ જોવા મળી હતી. કોમોડીટી વાયદામાં રાત્રે ચાંદીના ભાવમાં ૨૫૦૦૦થી વધુનો કડાકો બોલી ગયો હતો અને વિશ્વ બજારમાં ભાવ ૭૫ ડોલર પર સરકી ગયો હતો.


આજે પ્રારંભિક કામકાજમાં ચાંદી ૬૭૦૦ રીકવર થઇ હતી અને ભાવ ૨.૪૩ લાખ સાંપડ્યો હતો. આજ રીતે સોનામાં પણ રાત્રે અંદાજીત ૫૦૦૦નો કડાકો સર્જાયો હતો. સવારે ૧૭૦૦ રૂપિયાના સુધારાથી ૧૫૪૬૦૦ સાંપડ્યો હતો.

ગુરુવારે, ડાઉ જોન્સ ઇન્ડસ્ટ્રિયલ એવરેજ ૬૬૯.૪૨ પોઈન્ટ અથવા ૧.૩૪% ઘટીને ૪૯,૪૫૧.૯૮ પર બંધ થયો. નાસ્ડેકમાં સૌથી મોટો ઘટાડો થયો, ૪૬૯.૩૨ પોઈન્ટ અથવા ૨.૦૩% ઘટીને ૨૨,૫૯૭.૧૫ પર બંધ થયો. ઍસ્ઍન્ડપી ૫૦૦ ઇન્ડેક્સ ૧.૫૭% અથવા ૧૦૮.૭૧ પોઈન્ટ ઘટીને ૬,૮૩૨.૭૬ પર બંધ થયો.

ગુરુવારે, ફિલાડેલ્ફિયા સેમિકન્ડક્ટર ઇન્ડેક્સ ૧.૬% ઘટ્યો, જ્યારે બધા મેગ્નિફિસિયન્ટ સેવન શેર લાલ નિશાનમાં બંધ થયા.

## Petrol & Diesel Rate

| | |
|---|---|
| પેટ્રોલ | રૂ. ૯૪.૩૫/લીટર |
| ડીઝલ | રૂ. ૯૦.૦૪/લીટર |
| CNG | રૂ. ૭૭.૦૦/કિલો |






| Today Rate | સોનુ | ચાંદી |
|---|---|---|
| | ₹૧,૫૫,૮૩૦ | ₹૨,૮૦,૦૦૦ |
| | -૨,૬૨૦ | -૧૫,૦૦૦ |
| | (૧૦ ગ્રામ, ૨૪ કેરેટ) | (૧ કિલો) |

| ડોલર | પાઉન્ડ |
|---|---|
| ₹૯૦.૬૭ | ₹૧૨૩.૪૫ |

# બાંગ્લાદેશમાં BNPનો સપાટો: તારિક બનશે વડાપ્રધાન



**મુખ્ય સમાચાર, ઢાકા**

ગુરુવારે બાંગ્લાદેશમાં યોજાયેલી ૧૩મી સંસદીય ચૂંટણી પછી મતગણતરી ચાલી રહી છે. ભૂતપૂર્વ વડા પ્રધાન ખાલિદા ઝિયાના પુત્ર તારિક રહેમાનના નેતૃત્વ હેઠળની બાંગ્લાદેશ નેશનાલિસ્ટ પાર્ટી જંગી જીત મેળવતી દેખાય છે .બળવા પછી બાંગ્લાદેશની પહેલી સામાન્ય ચૂંટણીના પરિણામો જાહેર થઈ ગયા છે. ખાલિદા ઝિયાના પક્ષ, બાંગ્લાદેશ નેશનાલિસ્ટ પાર્ટી () એ પ્રચંડ વિજય મેળવ્યો છે, અને તેમના પુત્ર, તારિક રહેમાન, બાંગ્લાદેશનો કમાન સંભાળવા માટે તૈયાર છે. બીએનપીની સાથે, મુહમ્મદ યુનુસનું સૌથી મોટું સ્વપન સાકાર થતું દેખાય છે. સંસદીય ચૂંટણીઓની સાથે, જનતાએ પણ લોકમતમાં મતદાન કર્યું, અને બાંગ્લાદેશની લગભગ ૬૫ ટકા વસ્તીએ જુલાઈ ચાર્ટરને હા મત આપ્યો. લોકમત માટે સમર્થન એવા નિર્ણયો તરફ દોરી શકે છે જે બાંગ્લાદેશના ભવિષ્યને બદલી નાખશે.

સ્થાનિક ટીવીને ટાંકીને રોઇટર્સે અહેવાલ આપ્યો છે કે બીએનપી એ ૩૦૦ સભ્યોની સંસદમાં ૨૧૨ બેઠકો જીતી છે, જ્યારે તેના ઉમેદવારો અન્ય ઘણી બેઠકો પર આગળ છે.

બાંગ્લાદેશમાં આ ચોથી વખત લોકમત યોજાયો છે. પહેલું ૧૯૯૧ની ચૂંટણી દરમિયાન થયું હતું. આ વર્ષના લોકમતને જુલાઈ ચાર્ટર નામ આપવામાં આવ્યું છે. તે મુહમ્મદ યુનુસનું સ્વપન પણ છે. તે બંધારણીય અને રાજકીય સુધારાઓ લાગુ કરશે, જે બાંગ્લાદેશની રાજકીય વ્યવસ્થા અને વર્તમાન શાસન વ્યવસ્થામાં પરિવર્તન લાવશે. મુહમ્મદ યુનુસના સ્વપનને જાહેર મંજૂરી.

જુલાઈ ચાર્ટરને મુહમ્મદ યુનુસનું સૌથી મોટું સ્વપ્ન માનવામાં આવે છે. તેમણે ચૂંટણી દરમિયાન અને તે પહેલાં બંને સમયે તેના માટે મતદાન કરવા જનતાને અપીલ કરી હતી. તેમણે દાવો કર્યો હતો કે આ ચાર્ટર દેશના રાજકારણમાં મોટો ફેરફાર લાવશે અને સામાન્ય લોકોને લાભ આપશે. ૧૩ ફેબ્રુઆરીએ યોજાયેલી મતદાનમાં, જનતાએ યુનુસનો પક્ષ લીધો છે. લગભગ ૨૭ લાખ લોકોએ જુલાઈ ચાર્ટરની તરફેણમાં મતદાન કર્યું હતું, જ્યારે માત્ર ૧૪ લોકોએ તેની વિરુદ્ધ મતદાન કર્યું હતું.

જુલાઈ ચાર્ટર ઘણી રીતે ખાસ છે. આમાં ભારતની જેમ ઉપલા ગૃહની રચના, ચૂંટણી સુધારા, રાજકીય પક્ષોમાં સુધારા, નાગરિક સમાજની રચના અને સુધારા પંચની રચનાનો સમાવેશ થાય છે. કુલ મળીને, આ લોકમતમાં ૮૪ સુધારાઓનો સમાવેશ થાય છે.

લોકમતમાં રાષ્ટ્રપતિને વડા પ્રધાન કરતાં વધુ સત્તા સોંપવાનો વિચાર પણ શામેલ છે. કોઈ પણ વ્યક્તિ બે વારથી વધુ વખત વડા પ્રધાન બની શકતી નથી. તેમાં મહિલાઓની રાજકીય ભાગીદારી વધારવાનો પણ સમાવેશ થાય છે. નિષ્પક્ષ ચૂંટણીઓ અને સંસદને બે ગૃહોમાં વિભાજીત કરવાનો પણ સમાવેશ થાય છે. જનતાએ આ લોકમતને મંજૂરી આપી હોવાથી, એ વાત ચોક્કસ છે કે દેશમાં જે પણ સરકાર શાસન કરે છે તેને આગામી બે વર્ષમાં આ નિયમો લાગુ કરવા પડશે.

# વડાપ્રધાન મોદી આજે તેમના નવા કાર્યલય સેવા તીર્થમાં શિફ્ટ થશે



**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજે શુક્રવારે તેમના નવા કાર્યાલય 'સેવા તીર્થ'માં શિફ્ટ થવા જઈ રહ્યા છે. બપોરે ૧:૩૦ વાગ્યે તેઓ આ નવા બિલ્ડિંગ કોમ્પ્લેક્સના નામનું અનાવરણ કરશે અને સાંજે ૬ વાગ્યે 'સેવા તીર્થ' તથા 'કર્તવ્ય ભવન-૧ અને ૨'નું ઉદ્ઘાટન કરીને જનતાને સંબોધિત કરશે.

પીએમ મોદી નવા કાર્યાલયમાં શિફ્ટ થતા પહેલા આજે સાંજે ૪ વાગ્યે જૂના સાઉથ બ્લોકમાં કેબિનેટની એક વિશેષ અને ઐતિહાસિક બેઠક કરશે, જે આ બિલ્ડિંગમાં સરકારની અંતિમ બેઠક સાબિત થશે. આ સાથે જ છેલ્લા ૭૮ વર્ષથી દેશની સત્તાના મુખ્ય કેન્દ્ર ગણાતા નોર્થ અને સાઉથ બ્લોકમાં સરકારી કામકાજનો આજે છેલ્લો દિવસ છે. હવેથી પીએમઓ અને અન્ય મહત્ત્વના મંત્રાલયોનું સંચાલન નવનિર્મિત 'કર્તવ્ય ભવન-૧ અને ૨' માંથી કરવામાં આવશે, જ્યાં કેન્દ્ર સરકારના વિવિધ વિભાગો માટે અત્યાધુનિક સુવિધાઓ સાથેની નવી ઓફિસો તૈયાર કરવામાં આવી છે.

# મોદી પર કરેલા ટ્રમ્પના નિવેદન પર વિદેશ મંત્રાલયે આપ્યો જવાબ



**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

અમેરિકાના રાષ્ટ્ર પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા વડાપ્રધાન નરેન્દ્ર મોદીના રાજકીય કરિયરને લઈને ભૂતકાળમાં આપવામાં આવેલા એક નિવેદન પર ભારત સરકારના વિદેશ મંત્રાલયે પ્રતિક્રિયા આપી છે. વિદેશ મંત્રાલયે સ્પષ્ટ કહ્યું છે કે વીડિયો સાચો હોય કે ખોટો, તપાસ કરી યોગ્ય કાર્યવાહી ચોક્કસ કરવામાં આવશે.

ઉલ્લેખનીય છે કે, ૧૫ ઑક્ટોબર ૨૦૨૫ના રોજ વ્હાઇટ હાઉસમાં એક સંબોધન દરમિયાન ડોનાલ્ડ ટ્રમ્પે પોતાના અંદાજમાં વડાપ્રધાન મોદીના વખાણ કર્યા હતા. તે સમયે ભારત રશિયા પાસેથી તેલની મોટા પાયે ખરીદી કરતું હતું, જેના કારણે ભારત અને અમેરિકાના સંબંધોમાં વધારે પડતી ખટાશ આવી ગઈ હતી. તેવામાં સંબોધનમાં ટ્રમ્પે દાવો કર્યો હતો કે ભારતે રશિયા પાસેથી તેલ ખરીદવાનું બંધ કરશે તેવો ભરોસો આપ્યો છે.

ત્યારબાદ ટ્રમ્પે ડ્ખ મોદીને 'મહાન વ્યક્તિ' ગણાવતા રમૂજી અંદાજમાં કહ્યું હતું કે, 'મોદી ટ્રમ્પને પ્રેમ કરે છે, બાદમાં તેમણે ભૂલ સમજાઈ હતી, જેથી કહ્યું કે હું નથી ઇચ્છતો કે 'પ્રેમ' શબ્દને ખોટી રીતે રજૂ કરવામાં આવે, કારણ કે હું તેમનું પોલિટિકલ કરિયર બરબાદ કરવા નથી માંગતો.' ભારત અમેરિકાની ટ્રેડ ડીલ વચ્ચે જૂનો વીડિયો હાલ સોશિયલ મીડિયામાં વાઇરલ થયો છે, જેને અલગ રીતે દર્શાવવામાં આવ્યો છે. આ જૂનો વીડિયો સોશિયલ મીડિયા પર ફરી વાઇરલ થતાં વિદેશ મંત્રાલયની સાપ્તાહિક પ્રેસ કોન્ફરન્સમાં પ્રવક્તા રણધીર જયસ્વાલને આ અંગે પ્રશ્ન પૂછવામાં આવ્યો હતો. જેના જવાબમાં તેમણે કહ્યું હતું કે 'મેં આ વીડિયો જોયો નથી. જો આવો કોઈ વીડિયો અસ્તિત્વમાં છે, પછી ભલે તે સાચો હોય કે ખોટો, અમે તેની તપાસ કરીશું અને તેના પર યોગ્ય એક્શન લઈશું.'

# ભારત રશિયા પાસેથી ૧૦ હજાર કરોડના ખર્ચે શક્તિશાળી ૨૮૮ મિસાઈલો ખરીદશે



**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

ભારતીય સંરક્ષણ મંત્રાલયની ડિફેન્સ એક્વિઝિશન કાઉન્સિલ() દ્વારા ગુરુવારે અનેક ઐતિહાસિક સંરક્ષણ સોદાઓને મંજૂરી આપવામાં આવી છે. આ બેઠકના સૌથી મહત્ત્વના નિર્ણય અનુસાર, ભારત રશિયા પાસેથી ૧૦,૦૦૦ કરોડના ખર્ચે વિશ્વની સૌથી શક્તિશાળી એર ડિફેન્સ સિસ્ટમ એસ-૪૦૦ માટે વધુ ૨૮૮ મિસાઈલો ખરીદશે. ગયા વર્ષે 'ઓપરેશન સિંદૂર' દરમિયાન એસ-૪૦૦ની પ્રચંડ તાકાત જોઈને સમગ્ર વિશ્વ દંગ રહી ગયું હતું, ત્યારે આ નવી ખરીદી ભારતની આકાશી સરહદોને એક મજબૂત કિલ્લામાં ફેરવી દેશે. આ સોદા અંતર્ગત ૧૨૦ ટૂંકા અંતરની અને ૧૬૮ લાંબા અંતરની મિસાઈલોની ખરીદી 'ફાસ્ટ ટ્રેક મોડ' પર કરવામાં આવશે.

'ઓપરેશન સિંદૂર' દરમિયાન એસ-૪૦૦ સિસ્ટમે પાકિસ્તાની વિમાનો અને તેમના સૈન્ય મથકો પર જે રીતે સચોટ પ્રહાર કર્યા હતા, તેનાથી ભારતીય સેનાના આત્મવિશ્વાસમાં મોટો વધારો થયો છે. એ સમયે આ સિસ્ટમે સરહદ પાર ૩૧૪ કિમી સુધી ઊંડે જઈને હુમલો કરી પાકિસ્તાનને પોતાનું એરબેઝ ખસેડવા મજબૂર કરી દીધું હતું. આ ભવ્ય સફળતાને ધ્યાનમાં રાખીને ભારતીય સેના હવે એસ-૪૦૦ના વધુ ૫ સ્ક્વોડ્રન અને રશિયા પાસેથી 'પેન્ટસર શોર્ટ રેન્જ સિસ્ટમ ખરીદવાની વિચારણા કરી રહી છે. જો આ સોદો સફળ થશે, તો ભવિષ્યમાં ભારત પાસે -૪૦૦ના કુલ ૧૦ સ્ક્વોડ્રન હશે, જે કોઈપણ ડ્રોન કે મિસાઈલ હુમલાને નિષ્ફળ બનાવીને દેશની સુરક્ષાને અભેદ્ય બનાવશે.

આ ઉપરાંત, આ મહત્ત્વપૂર્ણ બેઠકમાં ફ્રાન્સ પાસેથી ૧૧૪ રાફેલ લડાકુ વિમાનો અને અમેરિકા પાસેથી આશરે ૩૦,૦૦૦ કરોડના ખર્ચે ૬ પી-૮આઈ(-૮) રિકોનિસન્સ એરક્રાફ્ટ ખરીદવાના પ્રસ્તાવને પણ મંજૂરી આપવામાં આવી છે. સંરક્ષણ મંત્રીની અધ્યક્ષતામાં મળેલી આ બેઠકમાં કુલ ૩.૬૦ લાખ કરોડના સંરક્ષણ સોદાઓને મંજૂરી મળી છે, જે ભારતીય સેનાને આધુનિક અને વધુ શક્તિશાળી બનાવવાની દિશામાં એક મોટું પગલું છે.

# એસસી - એસટી સભ્યનું દરેક અપમાન અત્યાચાર નથી: કોલકાતા હાઈકોર્ટ

કોલકાતા હાઈકોર્ટે એક ચુકાદામાં કહ્યું હતું કે, એસસી/ એસટી એક્ટની કલમ ૩ (૧) (આર) અંતર્ગત અનુસૂચિત જાતિના સદસ્યના દરેક અપમાનને અત્યાચાર ન માની શકાય. કોર્ટે કહ્યું હતું કે જયાં સુધી જાહેરમાં ધમકી કે અપમાન ન કરવામાં આવ્યું હોય, ત્યાં સુધી મતભેદ, પ્રશાસનિક વિવાદ કે લગાવ્યા છે. તેમનો આરોપ છે કે વિભાગ પ્રમુખ તેને નિર્ણયોમાં સામેલ નથી કરતા, કલાસીઝ રોકી દે છે એકઝામ ડયુટી નથી કરવા દેતા, ઓનલાઈન મીટીંગ દરમિયાન અપમાન કરવામાં આવે છે. તેનો આરોપ છે કે આ બધુ તેની જાતિની ઓળખને જોઈને કરવામાં આવ્યું છે. જેને લઈને તેને ઘણી માનસિક પીડા થઈ છે. કાર્યના સ્થળ પર અપમાન આ એકટ અંતર્ગત અપરાધ નથી બનતો. રિપોર્ટ મુજબ અરજદાર સંસ્કૃતમાં બીએ, એમએ અને પીએચડી કરી ચૂકી છે. તેની સંસ્કૃત કોલેજ એન્ડ યુનિવર્સિટીમાં વિભાગ પ્રમુખ સામે ફરિયાદ છે. જયારે ફરીયાદી અનુસૂચિત જાતિની અને આસીસ્ટન્ટ પ્રોફેસર છે.

# સરકારી અને ખાનગી બેંકોએ મીનીમમ બેલેન્સને નામે ૧૧૦૦૦ કરોડની કમાણી કરી



**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

બેન્કોના કરોડો ગ્રાહકોને એક મોટો ફાયદો થવા જઈ રહ્યો છે. હાલ બેન્કો ખાસ કરીને સેવિંગ્સ ખાતામાં જે ઓછામાં ઓછી જરૂરી બેલેન્સના નિયમના આધારે જો એક માસ પણ આ લઘુતમ જરૂરિયાતના બેલેન્સથી ઓછી રકમ બેન્ક ગ્રાહકના ખાતામાં હોય તો તેના પર તગડી પેનલ્ટી વસુલ કરે છે અને પાંચ વર્ષમાં જ સરકારી અને ખાનગી બેન્કોએ લઘુતમ બેલેન્સની પેનલ્ટીના કારણે રૂા.૧૧૦૦૦ કરોડની કમાણી કરી હતી અને તેમાં ખાનગી બેન્કોનો આ લઘુતમ બેલેન્સના મનફાવે તેવા નિયમો નકકી કરે છે અને ગ્રાહકોને તેનું પાલન કરવા મજબૂર કરે છે અથવા તગડો દંડ વસુલે છે.

ખાનગી બેન્કોએ એક જ વર્ષમાં લઘુતમ બેલેન્સના નામે રૂા.૨૭૭૮ કરોડ એક જ વર્ષમાં વસુલ્યા છે અને સરકારી બેન્કો પણ પાછળ નથી. આમ વર્ષમાં તેઓએ રૂા.૮૬૦૦ કરોડની રકમ વસુલે છે તે વચ્ચે હવે બેન્ક ગ્રાહકોની આ ચિંતાનો પડઘો લોકસભા સુધી પહોંચ્યો છે. જેમાં આ ગૃહની કમીટીએ લઘુતમ બેલેન્સના નિયમ જ રદ કરવાની ભલામણ કરી છે તથા બેન્કો તેના ગ્રાહકો પાસેથી જે વિવિધ ચાર્જ લે છે તેને પણ પારદર્શી બનાવવા ભલામણ કરી છે. બેન્કો તેના ગ્રાહકો પાસેથી અનેક પ્રકારના છુપા ચાર્જ વસુલે છે અને ગ્રાહક લાચાર બનીને તે ભોગવે છે. લોકસભાની કમીટીએ હવે લઘુતમ બેલેન્સ સહિતના ચાર્જને પારદર્શક અને ઓછામાં ઓછા હોય તે નિશ્ચિત કરવા જણાવ્યું છે.


કમીટીએ નાણા મંત્રાલય અને રિઝર્વ બેન્કે જણાવ્યું છે કે સરકારી અને ખાનગી બેન્કો માટે એક સમાન નિયમ લાગુ કરવા જોઈએ તથા ખાસ કરીને લઘુતમ બેલેન્સના નિયમો રદ થવા જોઈએ. તેના બદલે ગ્રાહકોને બેલેન્સ રાખવા બદલ પોઈન્ટ-વ્યાજ દરમાં વધારો જેવા પ્રોત્સાહક ઉપાયો અજમાવવા જોઈએ. આ ઉપરાંત બેન્કોના અન્ય ચાર્જમાં પણ પારદર્શકતા આપવી જોઈએ.

# આગામી મંગળવારે નવી મતદાર યાદી પ્રસિધ્ધ કરાશે: ૭૩ લાખ નામો કમી

**મુખ્ય સમાચાર, ગાંધીનગર**

ગાંધીનગર તા.૧૩ (વિજય સવાણી દ્વારા) ગુજરાતમાં ખાસ સઘન સુધારણા ઝુંબેશ પૂર્ણ થયા બાદ રાજ્યની આખરી મતદાર યાદી આગામી મંગળવારે પ્રસિદ્ધ કરવામાં આવશે તેવા અહેવાલો છે. આ નવી યાદીમાં કુલ મતદારોનો આંકડો અંદાજે ૪.૩૫ કરોડની આસપાસ રહેવાની સંભાવના છે, જે અગાઉની યાદી કરતા લગભગ ૭૨ લાખ જેટલો ઓછો હોવાની વિગતો છે. મુખ્ય ચૂંટણી અધિકારી એચ. શુક્લાએ જણાવ્યું હતું કે, સુધારણા પ્રક્રિયા દરમિયાન મળેલી તમામ અરજીઓની ઝીણવટભરી તપાસ પૂર્ણ કરી લેવામાં આવી છે. અગાઉ જાહેર કરાયેલી ડ્રાફ્ટ યાદીમાં ૪.૩૪ કરોડ મતદારો નોંધાયા હતા, જેમાં નવા નોંધાયેલા મતદારોના ઉમેરા સાથે આખરી આંકડામાં સામાન્ય વધારો જોવા મળી શકે છે.

આ સુધારણા પ્રક્રિયા દરમિયાન રાજ્યની



મતદાર યાદીમાંથી કુલ ૭૩.૭૩ લાખ નામો દૂર કરવામાં આવ્યા હોવાનું જાણવા મળ્યું હતું. જેમાં મુખ્યત્વે મૃત્યુ પામેલા મતદારો, અન્ય સ્થળે કાયમી સ્થળાંતર કરી ગયેલા લોકો અને ડુપ્લિકેટ એન્ટ્રીઓનો સમાવેશ થાય છે. ચૂંટણી પંચને નામ કમી કરવા માટે ૬.૮૮ લાખ અરજીઓ મળી હતી, જ્યારે અન્ય ૯.૮૮ લાખ મતદારોએ સ્થળાંતરના કારણે ફોર્મ-૭ ભરીને જે-તે વિધાનસભા મતવિસ્તારમાંથી નામ દૂર કરવા વિનંતી કરી હતી. તપાસ બાદ બાકી રહેલી ૧.૪૭ લાખ જેટલી નવી નોંધણી અને સુધારાની અરજીઓનો પણ હવે નિકાલ કરી દેવામાં આવ્યો છે.

મુખ્ય ચૂંટણી અધિકારીએ સ્પષ્ટતા કરી હતી કે, નામ કમી કરવાની પ્રક્રિયા સંપૂર્ણ પારદર્શિતા સાથે કરવામાં આવી છે અને કોઈ પણ નામ મનસ્વી રીતે દૂર કરાયું નથી. જ્યાં જરૂર જણાય ત્યાં મતદારોને નોટિસ આપી તેમના જવાબ પણ માંગવામાં આવ્યા હતા. ની આ સમગ્ર પ્રક્રિયા ૨૮ ઓક્ટોબરથી શરૂ થઈ હતી અને ડિસેમ્બરમાં ડ્રાફ્ટ યાદી પ્રસિદ્ધ થયા બાદ નાગરિકોને ૧૮ જાન્યુઆરી સુધી વાંધા-સૂચનો રજૂ કરવાનો સમય આપવામાં આવ્યો હતો.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

# જામનગર શહેરમાં કોલેરા પોઝિટિવ દર્દીઓની કુલ સંખ્યા ૨૦ પર પહોંચી : તંત્રમાં દોડધામ



**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર શહેરમાં છેલ્લા કેટલાક દિવસોથી કોલેરાનો રોગચાળો બેકાબૂ બની રહ્યો છે. જી.જી. હોસ્પિટલમાં સારવાર લઈ રહેલા દર્દીઓ પૈકી.વધુ ૫ દર્દીઓના રિપોર્ટ પોઝિટિવ આવતા આરોગ્ય વિભાગમાં ફફડાટ ફેલાયો છે. આ સાથે જ શહેરમાં કોલેરા પોઝિટિવ દર્દીઓની કુલ સંખ્યા ૨૦ પર પહોંચી ગઈ છે.મળતી માહિતી અનુસાર, શહેરમાં રોગચાળો ફાટી નીકળતા મહાનગરપાલિકાના આરોગ્ય વિભાગ દ્વારા યુદ્ધના ધોરણે કામગીરી શરૂ કરવામાં આવી છે. બેડી-ધરાનગર-૧ વિસ્તારને કોલેરાગ્રસ્ત જાહેર કરી છેલ્લા ૩ દિવસથી ડોર-ટુ-ડોર સર્વે કરવામાં આવી રહ્યો છે અને ક્લોરિન ટેબલેટનું વિતરણ કરાયું છે. દૂષિત પાણીની આશંકાએ શંકાસ્પદ જણાતા વધુ ૩ નલ જોડાણ કાપી નાખવામાં આવ્યા છે. પાણીની મુખ્ય પાઈપલાઈન અને ભૂગર્ભ ગટરની સફાઈની કામગીરી હાથ ધરવામાં આવી છે.શરૂઆતમાં માત્ર ૩ કેસ સામે આવ્યા હતા, ત્યારબાદ ૧૨ અને હવે વધુ ૫ કેસ નોંધાયા છે. જોકે, હજુ પણ ૨૨ જેટલા શંકાસ્પદ દર્દીઓના સેમ્પલ લેબમાં તપાસ હેઠળ છે. આ રિપોર્ટ આવ્યા બાદ પોઝિટિવ દર્દીઓની સંખ્યામાં મોટો ઉછાળો આવી શકે છે તેવી શક્યતા સેવાઈ રહી છે.તંત્રની બેદરકારી સામે રોષ.શહેરમાં એકાએક રોગચાળો ફાટી નીકળવા પાછળ તંત્રની સદંતર બેદરકારી હોવાનું ચર્ચાઈ રહ્યું છે. દૂષિત પાણી અને ગંદકીના નિકાલમાં નિષ્ફળ રહેલા તંત્રને કારણે નિર્દોષ નાગરિકો હોસ્પિટલના બિછાને પહોંચ્યા છે.

# જામનગરમાં ચોરીમાં ગયેલ ૧૫.૬૭નો મુદામાલ પોલીસે પરત આપ્યો

**મુખ્ય સમાચાર, જામનગર**

તેરા તુજકો અર્પણ કાર્યક્રમ અંતર્ગત સીટી એ ડીવીઝન પોલીસ સ્ટેશન ગુ.ર.નં.૧૧૨૦૨૦૦૮૨૫૨૦૭૧ ભારતીય ન્યાય સંહિતાની કલમ - ૨૦૨૩ ની કલમ ૩૦૫(એ), ૩૩૧(૩), ૩૧૧(૪) મુજબના કામે ફરીયાદી તરૂણભાઇ મોહનભાઇ રાયઠ્ઠા રહે.રણજીતસાગર રોડ પટેલ પાર્ક પાછળ વૃદાવન સોસાયટી શેરી નં. ૧ જામનગર વાળાના રહેણાક મકાને થી ગઇ તા.૧૬/૧૦/૨૦૨૫ ના રાત્રીના પોણા બારેક વાગ્યાથી તા.૧૭/૧૦/૨૦૨૫ ના રોજ સવારાના આઠ વાગ્યા દરમીયાન રોકડ રૂપીયા તેમજ સોનાના દાગી મળી કુલ કિ.રૂ.૯,૦૨,૦૦૦- ચોરી થયેલ અંગેની ફરીયાદ અનુસંધાન આરોપીને પકડી પાડી જેમાં નીચે મુજબનો મુદામાલ શોધી અને નામદાર કોર્ટમાંથી હુકમ આધારે ફરીયાદીનો નીચે મુજબનો ચોરીમાં ગયેલ મુદામાલ પરત તેઓને આપવામાં આવેલ છે.

મુદામાલ ની વિગત.એક સોનાનુ મંગળસુત્ર = ૪૪ ગ્રામ કિ.રૂ. ૪,૫૫,૦૦૦.એક સોનાની ચેન ૧૪ ગ્રામ



૫૦૦ મીલીગ્રામ કિ.રૂ.૧,૫૯,૦૦૦. સોનાની બુટી નંગ ૧. ૪ ગ્રામ ૩૦૦ મીલીગ્રામ કિ.રૂ.૫૦,૩૦૦.સોનાની બુટી જોડી નંગ ૦૧. ૩ ગ્રામ ૮૫૦ મીલીગ્રામ કિ.રૂ. ૪૬૦૦૦.સોનાની બુટી જોડી નંગ ૦૧ ૩ ગ્રામ ૧૪૦ મીલીગ્રામ કિ.રૂ. ૩૭,૦૦૦.એક સોનાની લેડીસ વિટી ૨ ગ્રામ ૩૨૦ મીલીગ્રામ કિ.રૂ.૨૪,૫૦૦.એક સોનાની લેડીસ વીટી ૨ ગ્રામ ૪૩૦ મીલીગ્રામ કિ.રૂ.૨૫,૫૦૦.સોનાની લેડીઝ વીટી નગ - ૧ = ૨ ગ્રામ ૫૬૦ મીલીગ્રામ કિ.રૂ.૩૦,૫૦૦.ગાભા (કોપર) કડલી જોડી નંગ - ૦૧.૨૫ ગ્રામ ૫૦૦ મીલીગ્રામ કિ.રૂ.૯૦,૦૦૦.રોકડ રૂપીયા ૬,૫૦,૦૦૦.કુલ મુદામાલ કિ.રૂ.૧૫,૬૭,૮૦૦.

# વાંકાનેરના ચંદ્રપુર નજીક રીક્ષામાંથી ૧.૯૦૦ કિલો ગાંજા સાથે રાજકોટના શખ્સની ધરપકડ

## રાજકોટ એ.એન.ટી.એફ.-સી.આઈ.ડી. ક્રાઈમ દ્વારા બાતમીને આધારે સફળ રેઈડ

**મુખ્ય સમાચાર, મોરબી**

એ.એન.ટી.એફ., સી.આઈ.ડી. ક્રાઈમ રાજકોટ ઝોન દ્વારા બાતમીના આધારે વાંકાનેરના ચંદ્રપુર ગામ નજીકથી સીએનજી રીક્ષામાં લઈ જવાતો ૧ કિલો ૯૦૦ ગ્રામ વનસ્પતિજન્ય માદક પદાર્થ ગાંજો ઝડપી પાડવામાં આવ્યો છે. આ સાથે પોલીસે રીક્ષા ચાલક આરોપી વિરુદ્ધ વાંકાનેર સીટી પોલીસ મથકમાં એન.ડી.પી.એસ. એક્ટ હેઠળ ગુનો નોંધાવી આગળની તપાસ ચલાવી છે.

રાજકોટ ઝોનમાં એ.એન.ટી.એફ., સી.આઈ.ડી. ક્રાઈમના પીઆઇ પોલીસ જીજ્ઞેશ જીતેન્દ્રસિંહ ચૌહાણની ટીમને ખાનગી બાતમી મળી હતી કે રાજકોટના કૃષ્ણનગર-પોપટપરા વિસ્તારનો જાહીદહુશેન નુરમામદભાઈ મકવાણા પોતાની રીક્ષા રજી. નં. જીજે-૦૩-બીયુ-૩૬૪૯માં માદક પદાર્થ ગાંજો લઈને ચોટીલા તરફથી વાયા વાંકાનેર થઈ રાજકોટ જવાનો છે. બાતમીના આધારે ટીમે રાજકોટ-ચોટીલા અને કુવાડવા-વાંકાનેર હાઈવે પર પેટ્રોલિંગ શરૂ કર્યું હતું. ત્યારે તા.૧૧-૦૨બ રોજ સાંજે વાંકાનેર-ચંદ્રપુર હાઈવે પર લાઇફલાઇન હોસ્પિટલ સામેથી ઉપરોક્ત રીક્ષા પસાર થતા તેને અટકાવી તપાસ હાથ ધરાઈ હતી.

રીક્ષાની તલાસી દરમ્યાન ડ્રાઈવર સીટ નીચે લાલ થેલીમાં વનસ્પતિજન્ય માદક પદાર્થ ગાંજો મળી આવ્યો હતો. જેનું વજન ૧ કિલો ૯૦૦ ગ્રામ કિ.રૂ.૯૫,૦૦૦/- નોંધાયું હતું. આ ઉપરાંત બે મોબાઈલ ફોન અને રીક્ષા સહિત કુલ રૂ.૧.૪૬ લાખના મુદ્દામાલ સાથે આરોપી જાહીદહુશેન નુરમામદભાઈ મકવાણા ઉવ.૫૩ રહે. કૃષ્ણનગર પોપટપરા રાજકોટ વાળાની અટકાયત કરી તેની વિરુદ્ધ વાંકાનેર સીટી પોલીસ મથકમાં નારકોટિક્સ ડ્રગ્સ પદાર્થ અધિનિયમ હેઠળ ગુનો નોંધાવી વધુ તપાસની તજવીજ શરૂ કરવામાં આવી છે.

# હળવદના ટીકર(રણ) ગામે ઘરમાં થયેલ સાડા પાંચ તોલાના સોનાના દાગીનાની ચોરીમાં આરોપીની અટક



**મુખ્ય સમાચાર, મોરબી**

હળવદ તાલુકાના ટીકર ગામે થયેલ ઘરફોડ ચોરીનો ગુનો હળવદ પોલીસે ગણતરીની કલાકોમાં ડીટેકટ કરી એક આરોપીની ધરપકડ કરી, ચોરીમાં ગયેલ તમામ સોનાના દાગીનાઓ જેની કુલ રૂ.૩.૯૪ લાખનો મુદામાલ રીકવર કરાયો છે.

હળવદ પોલીસ સ્ટેશનમાં ગત તા.૧૧/૦૨/૨૦૨૬ ના રોજ ઘરફોડ ચોરીનો ગુનો દાખલ થયેલ હોય જેમાં ફરીયાદી સુરેશભાઇ કાનજીભાઇ મકવાણા રહે ગામ ટીકર(રણ) તા.હળવદ વાળાના રહેણાંક મકાનમાંથી તા. ૬ અને ૭ ફેબ્રુઆરીના રોજ કોઇ અજાણ્યો ઇસમ સોનાના અલગ અલગ દાગીનાઓ જેની કુલ કિ.રૂ ૩.૯૪,૦૫૭ /- જેટલી ગણી શકાય તે ચોરી કરી લઇ ગયેલ હોવાની ફરીયાદ જાહેર કરેલ જે ગુનો ડિટેકટ કરવા હળવદ પોલીસ મથકના પીઆઇ આર.ટી.વ્યાસે અત્રેના સર્વેલન્સ ટીમને સુચના અને માર્ગદર્શન આપેલ હોય જે અનુસંધાને સર્વેલન્સ ટીમ ગુનો ડિટેકટ કરવા પ્રયત્નશીલ હતા દરમ્યાન મળેલ બાતમીના આધારે આરોપી વિશાલ વિશાલ રમેશભાઇ ખાંભડીયા ઉવ.૨૧ રહે ગામ ટીકર (રણ) તા.હળવદ વાળા પાસેથી આ કામે ચોરીમાં ગયેલ અસલ તમામ મુદામાલ સોનાના દાગીનાઓ જેનુ કુલ વજન આશરે સાડા પાંચ તોલા જેની કિ.રૂ.૩,૯૪,૦૫૭/- ના મુદામાલ સાથે પકડી આરોપી વિરુધ્ધ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

# જામનગર જીલ્લા કોંગ્રેસ SC સેલના ચેરમેનની નિમણૂંક

## વકીલ રમેશભાઈ પારધીને જવાબદારી સોંપાતા આગેવાનો અને સમાજના અગ્રણીઓએ અભિનંદન પાઠવ્યા

**મુખ્ય સમાચાર, જામનગર**

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ દ્વારા જામનગર SC સેલના ચેરમેન



તરીકે કોંગ્રેસી કાર્યકર.વકીલ રમેશભાઈ પારધીની ચોથી વખત નિમણૂક કરવામાં આવી છે. વકીલ રમેશભાઈ પારધીની નિમણૂકને કોંગ્રેસના આગેવાનો અને સમાજના મનુભાઈ ચાવડા અગ્રણીઓએ આવકારીને નિમણૂકને અભિનંદન પાઠવ્યા હતા.

# મોરબી અને વાંકાનેરમાં વરલીના આંકડાનો જુગાર રમતા બે ઈસમોની અટક

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીના લાતી પ્લોટમાં અને વાંકાનેરમાં મિલ કોલોની નજીક વર્લીમટકાનો જુગાર રમતા કુલ બે જુગારીને પોલીસ દ્વારા ઝડપી લેવામાં આવ્યા છે. મળતી વિગતો મુજબ, મોરબીના લાતીપ્લોટ મેઈન રોડ ઉપર જાહેરમા વર્લી મટકાના આંકડાનો નશીબ આધારિત આંકડાઓ રમી રમતા રેઈડ દરમ્યાન જુગાર સાહિત્ય વર્લી ફીચરના આંકડા લખેલ એક ચીઠી તથા એક બોલપેન તથા રોકડ રૂપીયા ૪૫૦/- ના મુદામાલ સાથે આરોપી આરીફભાઇ મુસ્તાકભાઇ બ્લોચ ઉવ.૪૫ રહે.મકરાણીવાસ સબજેલની પાછળ મોરબી વાળાને સીટી એ ડિવિઝન પોલીસે રંગેહાથ ઝડપી લેવામાં આવ્યો છે. જ્યારે વાંકાનેરમાં મીલ કોલોની રેલ્વે સ્ટેશન પાસે રવિ પ્રોવિઝન સ્ટોર વાળી ગલ્લીમાં જાહેર ખુલ્લી જગ્યામા નસીબ આધારીત વર્લીફીચરના આકડા લખી હારજીતનો જુગાર રમી-રમાડતા આરોપી દશરથભાઇ માવજીભાઇ નદીયારીયા ઉવ-૨૮ હાલ રહે-વીશીપરા વાંકાનેર મુળ રહે-મફતીયાપરા સુરેન્દ્રનગર વાળાને વાંકાનેર સીટી પોલીસે વર્લી સાહીત્ય આકડા લખેલ કાગળ તથા બોલપેન તથા રોકડા રૂા.૨૨૭૦/- સહિતના મુદ્દામાલ સાથે અટક કરી જુગારધારા હેઠળ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# મોરબી મનપા દ્વારા ૯૬ ગેરકાયદેસર બાંધકામોને રેગ્યુલાઇઝ કરવાની પરવાનગી મંજૂર

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી મહાનગરપાલિકા દ્વારા જીડીસીઆર-૨૦૧૭ અને ગૃડા-૨૦૨૨ હેઠળ ગેરકાયદેસર બાંધકામોને નિયમિત કરવા કાર્યવાહી તેજ કરવામાં આવી છે. અત્યાર સુધીમાં ૬૦ ડેવલપમેન્ટ પરવાનગી તથા ૯૬ ગેરકાયદેસર બાંધકામોની અરજીઓને મંજૂરી આપવામાં આવી છે. શહેરના સુઆયોજિત વિકાસ માટે વિકાસ યોજનાની કામગીરી પણ ઝડપથી પૂર્ણ કરાશે. મોરબી મહાનગરપાલિકા દ્વારા ગુજરાત ડેવલપમેન્ટ કંટ્રોલ રેગ્યુલેશન્સ-૨૦૧૭ તથા ગુજરાત રેગ્યુલરાઈઝેશન ઓફ અનઓથોરાઈઝ્ડ ડેવલપમેન્ટ એક્ટ-૨૦૨૨ અંતર્ગત વિકાસ સંબંધિત પરવાનગીઓ આપવાની પ્રક્રિયા અમલમાં છે. વર્ષ ૧૯૭૧ની મંજુર અમલી વિકાસ યોજના અંતર્ગત વિવિધ બાંધકામ અને વિકાસ કાર્યો માટે અરજીઓ સ્વીકારી મંજૂર કરવામાં આવી રહી છે. હાલ સુધીમાં ડેવલપમેન્ટ પરવાનગીની ૬૦ અરજીઓ મંજૂર કરવામાં આવી છે, જ્યારે ગૃડા-૨૦૨૨ હેઠળ ગેરકાયદેસર બાંધકામોને નિયમિત કરવા માટે આવેલી ૯૬ અરજીઓને મંજૂરી આપવામાં આવી છે. આ ઉપરાંત મોરબી-વાંકાનેર શહેરી વિકાસ સત્તામંડળ વિસ્તાર માટે મુસદ્દારૂપ વિકાસ યોજના (ડેવલપમેન્ટ પ્લાન) તૈયાર કરવાની કામગીરી ઝડપી આગળ વધારવામાં આવી રહી છે. વિકાસ યોજના પ્રસિદ્ધ થયા બાદ બાકીના વિસ્તારોમાં પણ તમામ પ્રકારની પરવાનગીઓ આપવાની પ્રક્રિયા શરૂ થશે.

# મોરબીની દીકરીને રાજસ્થાન સાસરે શારીરિક-માનસિક ત્રાસ, પતિ સહિત સાસરિયાઓ સામે ગુનો નોંધાયો

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીની દીકરીને જયપુર સ્થિત સાસરે પતિ સહિત સાસરિયાઓ દ્વારા શારીરિક અને માનસિક ત્રાસ આપ્યા અંગેની ફરિયાદ નોંધાવી છે. હાલ મોરબી મહિલા પોલીસે તમામ આરોપીઓ વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતા કલમ મુજબ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

મોરબીના મહેન્દ્રપરા વિસ્તારમાં માવતરે રહેતા ઉર્વશીબેન સુનિલ શેવકાની ઉવ.૩૦ દ્વારા પતિ સુનિલ રાજકુમાર શેવકાની, સસરા રાજકુનાર ઈશ્વરદાસ શેવકાની, જેઠ દિલીપ રાજકુનાર શેવકાની તથા જેઠાણી હિર દિલીપ શેવકાની રહે. તમામ ૧૩૧ એ સંત માધવદાસ માર્ગ કવરનગર જયપુર રાજસ્થાન વાળા વિરુદ્ધ ગંભીર આક્ષેપો સાથે ફરિયાદ નોંધાવવામાં આવી છે. તેમના જણાવ્યા મુજબ તા.૦૫ સપ્ટેમ્બર ૨૦૨૨ના રોજ જયપુર (રાજસ્થાન) નિવાસી સુનિલ રાજકુમાર શેવકાની સાથે લગ્ન થયા હતા. લગ્ન બાદ શરૂઆતના થોડા મહિના સુખમય વિત્યા, પરંતુ ત્યારબાદ આરોપી પતિ, સસરા, જેઠ અને જેઠાણી દ્વારા નાની-નાની બાબતોમાં બોલાચાલી, કરિયાવર બાબતે મેણાટોણા તથા શારીરિક-માનસિક ત્રાસ આપવામાં આવતો હતો. અને ફરિયાદીના પતિને દારૂ પીવાની કુટેવ હોવા સાથે કામધંધો ન કરતા હોય, અને આ તમામ બાબતે વિરોધ કરતાં મારકૂટ કરાતી હતી. સાસરિયાઓ પતિને પ્રોત્સાહન આપી ફરીયાદીને ''રહેવું હોય તો રહેજે, નહીં તો માવતરે જતી રહેજે'' કહી ત્રાસ આપતા હતા. આ દરમિયાન ગત તા.૦૨ ઓક્ટો.૨૦૨૫ના રોજ થયેલી બોલાચાલી બાદ ફરીયાદીને જયપુરથી મોરબી માવતરે મોકલી દેવામાં આવી હતી. કરિયાવરમાં અપાયેલ ઘરેણાં અને સામાન પરત ન આપ્યા હોવાનો પણ ફરિયાદમાં ઉલ્લેખ કરાયો છે. આ માટે ફરિયાદી અને તેમના પિતા દ્વારા સમાધાનના તમામ પ્રયત્નો કરવા છતાં અંતે કાયદેસર કાર્યવાહી માટે ફરિયાદ નોંધાવવામાં આવી છે. મોરબી મહિલા પોલીસ દ્વારા ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરવામાં આવી છે.

# જામનગરમાં લૂંટના ગુન્હામાં સાત વર્ષની સજા પછી નાસી ગયેલ આરોપી ઝડપાયો

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરના જોડિયા ભુંગામાં રહેતા અને સાત વર્ષ પહેલાંની એક લૂંટના ગુન્હામાં સાત વર્ષની સજા પામી નાસી ગયેલા કુખ્યાત શખ્સને ગઈકાલે એલસીબીએ દબોચી લીધો છે. આ શખ્સ સામે જુદા જુદા પોલીસ મથકોમાં ચોરી, હથિયારધારા ભંગ સહિતના ૪૬ ગુન્હા નોંધાયેલા છે.જામનગરની સ્થાનિક ગુન્હાશોધક શાખાના સ્ટાફ દ્વારા કરવામાં આવી રહેલા પેટ્રોલિંગ દરમિયાન પંચવટીથી બેડેશ્વર વચ્ચેના ઓવરબ્રિજ નીચે એક કુખ્યાત શખ્સ છરી સાથે આવ્યો હોવાની બાતમી મયુદ્દીન, અરજણભાઈ, ભરત ડાંગરને મળતા પીઆઈ વી.એમ. લગારીયાને તેનાથી વાકેફ કરાયા પછી એલસીબી ટીમ ત્યાં ધસી ગઈ હતી.આ સ્થળેથી જોડીયા ભુંગામાં રહેતો હનીફ હુસેન સના ઉર્ફે હનફો ચોર નામનો શખ્સ મળી આવ્યો હતો. તેની પાસેથી છરી કબજે કરવામાં આવી છે. વર્ષ ૨૦૧૮માં જામનગરની દ્વારકાધીશ સોસાયટીમાં એક આસામીના મકાનમાં રાત્રિના સમયે ઘૂસી ગયેલા કેટલાક શખ્સોએ મારકૂટ કરી રોકડ




તથા અન્ય ચીજવસ્તુની લૂંટ કર્યાની પોલીસમાં જે તે વખતે થયેલી ફરિયાદમાં હનીફ ઉર્ફે હનફો આરોપી તરીકે ઝડપાયો હતો અને આ શખ્સને અદાલતે સાત વર્ષની સખત કેદ અને રૂ. ૫ હજારનો દંડ ફટકાર્યો હતો.સજાના હુકમ પછી હનફો ચોર નાસી ગયો હતો. તેની કરાઈ રહેલી શોધખોળ દરમિયાન ગઈકાલે એલસીબીએ તેને દબોચી લીધો છે. આ શખ્સ સામે સિટી બી, સી ડિવિઝન ઉપરાંત બેડી મરીન તથા મેઘપર, જોડિયા, પંચકોશી એ ડિવિઝન અને માળીયા મિયાણા, રાજકોટ રેલવે પોલીસ, ગાંધીધામ અને કંડલામાં કુલ ૪૬ ગુન્હા નોંધાયેલા છે.

# કેન્દ્રશાસિત દીવમાં સિંહનો મૃતદેહ મળી આવતા ફોરેસ્ટ વિભાગ દોડતું થયું

**મુખ્ય સમાચાર, ઉના**
**અહેવાલ - અબ્દુલ પઠાણ**



ગુજરાત નજીક આવેલ કેન્દ્રશાસિત દીવમા દરિયા કિનારે સિંહ નું મૃતદેહ મળી આવતા તરતજ ફોરેસ્ટ વિભાગ તરત જ દરિયા કિનારે દોડી આવ્યું પ્રાત માહિતી અનુસાર એક દીવના દરિયા કિનારે એક માછીમારે સિંહનું મૃતદેહ જોયું તેઓએ તરત જ સ્થાનિક ફોરેસ્ટ વિભાગ દીવને જાણ કરી દીવ ફોરેસ્ટ વિભાગગે ગુજરાત ફોરેસ્ટ વિભાગને જાણ કરી બંને ફોરેસ્ટ વિભાગ દરિયા કિનારે જે સિંહનું મૃતદેહ હતું ત્યાં પહોંચ્યા અને તેને બહાર કાઢવા માટે સાધન સામગ્રી મંગાવામાં આવી આ ઓપરેશન દરમિયાન ઘણી મહેનત કરવામાં આવી માછીમારોના સહયોગ તેમજ ફોરેસ્ટર વિભાગના કર્મચારી બંને થઈ અને આ સિંહનું મૃતદે બહાર કાઢવામાં આવ્યું બહાર કાઢતા તેને પીએમ અર્થે એનિમલ કેર સેન્ટરમાં મોકલવામાં આવ્યો સિંહ નું મૃત્યુ કેમ થયું છે તે પીએમ રિપોર્ટ આવ્યા બાદ જ ખબર પડશે

# ઉનાના વાવરડા ગામે દીપડાના બચ્ચાંનો મૃત દેહ મળતા વન વિભાગ ઘટના સ્થળે દોડી આવ્યો

**મુખ્ય સમાચાર, ઉના**
**અહેવાલ - અબ્દુલ પઠાણ**

ઉના તાલુકા ના વાવરડા કંસારી રોડ ઉપર આવેલ સરકારી ખરાબા ની જમીન માં આવેલી જાડી માં દીપડા ના બચ્ચાં નું મૃત દેહ બાજુમાં રહેતા લોકો ને નજરે આવતા તેને ફોરેસ્ટ વિભાગ મા જાણ કરતા તાત્કાલિક ફોરેસ્ટ વિભાગ તાત્કાલિક ઘટના સ્થળે પોંહચી દીપડાના બચ્ચાનું કબ્જો લઇ ને પી.એમ માટે એનિમલ કેર સેન્ટર ખાતે ખસેડાયું દીપડા ના બચ્ચાં નું મોત નુ સાચું કારણ પી.એમ. થયાં બાદ ખ્યાલ આવશે.વન વિભાગ એ તપાસ



હાથ ધરી દીપડા ના બચ્ચાનું મૃતદે મળતા થોડીવાર માટે લોકો મોટી સંખ્યામાં એકત્રિત થઈ ગયા હતા અને ફોરેસ્ટ વિભાગને જાણ કરી હતી

# લાલપુરના પીપળીના શખ્સ સામે કલમનો ઉમેરો કરવા દલિત સમાજ દ્વારા આવેદન

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર જિલ્લા દલિત સમાજ દ્વારા કલેક્ટર, એસપીને આવેદનપત્ર પાઠવી રજૂઆત કરવામાં આવી.લાલપુરના પીપળી ગામના સરપંચ સામે તાજેતરમાં નોંધાયેલા એક ગુન્હામાં કલમનો ઉમેરો કરવા તથા આ શખ્સ સામે કેટલાક ગુન્હાઓ નોંધાયા હોય તેની સામે હદપારી અને પાસા એક્ટ હેઠળ કાર્યવાહી કરવાની માગણી કરતું આવેદન જિલ્લા દલિત સમાજ દ્વારા એસપી, કલેક્ટરને પાઠવાયું છે.લાલપુર તાલુકાના પીપળી ગામમાં રહેતા અને સરપંચ તરીકે સેવા આપતા જગદીશ પાલાભાઈ ઝાપડા ઉર્ફે જગા નામના શખ્સ સામે



જામનગરના જિલ્લા દલિત સમાજ દ્વારા જિલ્લા કલેક્ટર, એસપીને આવેદનપત્ર પાઠવી રજૂઆત કરવામાં આવી છે.આ શખ્સ નશાની હાલતમાં હુમલા કરતો હોવાની અને સસોઈ ડેમમાંથી ખનીજની ચોરી કરતો હોવાનો આક્ષેપ મૂકવામાં આવ્યો છે. આ શખ્સ સામે નોંધાયેલી જુદી જુદી ત્રણ એફઆરઆઈનો ઉલ્લેખ કરી આ શખ્સ સામે પાસા હેઠળ કાર્યવાહી કરવા અને ગયા શનિવારે નોંધાયેલા ગુન્હામાં બીએનએસની કલમ ૧૧૮ (૨)નો ઉમેરો કરવા માગણી કરવામાં આવી છે.

# મોરબીમાં મનપાની કડક કાર્યવાહી, ૯૦ જર્જરિત મકાનોના પાણી-ડ્રેનેજ કનેક્શન કાપ્યા

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી મહાનગરપાલિકા દ્વારા શહેરમાં જાહેર સલામતીને ધ્યાનમાં રાખી ૯૦ જેટલા જર્જરિત અને જોખમી મકાનોના પાણી તથા ડ્રેનેજ કનેક્શન કાપવામાં આવ્યા છે, જ્યારે અંદાજે ૩૦ મિલકતોના વીજ કનેક્શન પણ બંધ કરવામાં આવ્યા છે. કાયદાની જોગવાઈ હેઠળ આ કાર્યવાહી હાથ ધરાઈ છે.

મોરબી મહાનગરપાલિકાની બિલ્ડીંગ શાખા દ્વારા શહેર વિસ્તારમાં આવેલા જર્જરિત અને જોખમી બાંધકામોને લઈને કાયદેસર કાર્યવાહી કરવામાં આવી છે. ગુજરાત પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન એક્ટ, ૧૯૪૯ ની કલમ-૨૬૪ હેઠળ સંબંધિત મિલકત માલિકોને ત્રણ તબક્કામાં નોટિસ પાઠવવામાં આવી હતી. નોટિસની અવગણના થવા અને જોખમ યથાવત રહેતા કલમ-૨૬૮ મુજબ હુકમ બહાર પાડી ૯૦ જેટલા જર્જરિત મકાનોના પાણી અને ડ્રેનેજ કનેક્શન કાપવામાં આવ્યા હતા. આ ઉપરાંત આગળની કાર્યવાહી રૂપે અંદાજે ૩૦ મિલકતોના વીજ કનેક્શન પણ બંધ કરવામાં આવ્યા છે, જેથી જોખમી ઈમારતોનો ઉપયોગ અટકાવી શકાય.

મનપાની કાર્યવાહી બાદ અંદાજે ૮૦ જેટલી મિલકતોમાં માલિકો દ્વારા જોખમી ભાગો ઉતારી લેવામાં આવ્યા હોવાનું જાણવા મળ્યું છે. આ પગલાંથી જાહેર માર્ગો પર અવરજવર કરતા નાગરિકોની જાનમાલની સુરક્ષા સુનિશ્ચિત થશે. મોરબી મહાનગરપાલિકા દ્વારા બાકી રહેલી જર્જરિત મિલકતો સામે પણ નિયમસર કાર્યવાહી ચાલુ રાખવાની જાહેરાત કરવામાં આવી છે. બિલ્ડીંગ શાખા દ્વારા તમામ મિલકત માલિકોને અપીલ કરવામાં આવી છે કે મનપાની નોટિસનું તાત્કાલિક પાલન કરી સહકાર આપે અને જોખમી ઈમારતોનો ઉપયોગ ટાળે અથવા જરૂરી મંજૂરી મેળવી તોડી પાડે. નાગરિકોની સલામતી મહાનગરપાલિકાની સર્વોચ્ચ પ્રાથમિકતા હોવાનું નાયબ ઈજનેર, બિલ્ડીંગ શાખા દ્વારા જણાવાયું છે.

# મોરબી મનપા દ્વારા સૂરજબાગ-અયોધ્યાપૂરી રોડ પર કોનાકાર્પસ વૃક્ષો દૂર કરાયા

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી મહાનગરપાલિકાની ગાર્ડનશાખા દ્વારા જાહેર સુરક્ષા અને અંડરગ્રાઉન્ડ સુવિધાઓને નુકસાનની શક્યતા ધ્યાનમાં રાખી સૂરજબાગ અને અયોધ્યાપૂરી રોડ વિસ્તારમાંથી કુલ પાંચ જેટલા જોખમી કોનાકાર્પસ વૃક્ષો દૂર કરવાની કાર્યવાહી હાથ ધરાઈ હતી.

મોરબી મહાનગરપાલિકા શહેરમાં હરિયાળી જાળવવા સાથે જાહેર સુવિધાઓનું સંરક્ષણ સુનિશ્ચિત કરવા સમયાંતરે વૃક્ષોની સ્થિતિનું નિરીક્ષણ કરે છે. આ અંતર્ગત ગાર્ડનશાખાની ટીમે સૂરજબાગ તથા અયોધ્યાપૂરી રોડ પર સાઈટ વિઝિટ કરી હતી. વિઝિટ દરમિયાન સૂરજબાગ વિસ્તારમાં આવેલ ૩ અને અયોધ્યાપૂરી રોડ પર ૨ મળી કુલ ૫ જોખમી કોનાકાર્પસ વૃક્ષો જોવા મળતા, તેને દૂર કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. મનપા મુજબ કોનાકાર્પસ વૃક્ષોના મૂળીયા ઝડપથી અને વિસ્તૃત રીતે ફેલાતા હોવાથી રોડ, ફૂટપાથ, પેવર બ્લોક તેમજ અંડરગ્રાઉન્ડ પાણી અને ડ્રેનેજ લાઈનને નુકસાન થવાની શક્યતા રહે છે. આ ઉપરાંત વૃક્ષોની ઘન વૃદ્ધિ અને ઊંચાઈને કારણે પવન દરમિયાન ડાળીઓ તૂટીને પડવાની શક્યતા રહેતી હોવાથી જાહેર સુરક્ષા માટે જોખમ ઊભું



થાય છે. આ તમામ પરિબળોને ધ્યાનમાં રાખી ગાર્ડનશાખા દ્વારા જોખમકારક વૃક્ષોને દૂર કરવામાં આવ્યા છે.

મોરબી મહાનગરપાલિકા દ્વારા શહેરમાં હરિયાળી જળવાઈ રહે તે માટે સુરક્ષિત અને પર્યાવરણને અનુરૂપ વૃક્ષોના યોગ્ય સ્થળોએ વાવેતર કરવાની કામગીરી પણ ચાલુ રાખવામાં આવી હોવાનું નાયબ ઈજનેર ગાર્ડનશાખા દ્વારા જણાવાયું છે.

# શ્રી ઘેલા સોમનાથ મંદિરમાં મહાશિવરાત્રીની ભવ્ય ઉજવણી થશે પાલખી યાત્રા સહિત અનેક ધાર્મિક કાર્યક્રમો યોજાશે

**મુખ્ય સમાચાર, રાજકોટ**

મંદિરમાં મહા આરતી, મહાપૂજા, પાલખી યાત્રા, ધ્વજારોહણ, દર્શનાર્થીઓ માટે રુદ્રાભિષેક, શૃંગાર દર્શન તથા ૧૦૦૮ દીવડા પ્રજ્વલિત કરાશે

આગામી તા. ૧૫ ફેબ્રુઆરીના રોજ મહાશિવરાત્રીની ઉજવણીને ધ્યાનમાં રાખીને ઘેલા સોમનાથ મંદિર ખાતે શ્રી ઘેલા સોમનાથ મંદિર ટ્રસ્ટની બેઠક યોજાઈ હતી. જેમાં મંત્રી કુંવરજીભાઈ બાવળિયાની વિશેષ ઉપસ્થિતિમાં વિવિધ ધાર્મિક કાર્યક્રમોની વિગતવાર રૂપરેખા નક્કી કરાઈ હતી. આ તકે મહાશિવરાત્રીના સુચારુ આયોજન અંગે મંત્રીએ જરૂરી માર્ગદર્શન આપ્યું હતું.

બેઠકમાં નક્કી કરાયેલા આયોજન મુજબ મહાશિવરાત્રીના પવિત્ર દિવસે વહેલી સવારે શ્રી ઘેલા સોમનાથ મહાદેવની મંગળા આરતી યોજાશે. ત્યારબાદ દર્શનાર્થીઓ માટે સવારે અને બપોરે એમ બે વખત રુદ્રાભિષેક કરવામાં આવશે. મંગળા આરતી બાદ મહાદેવની ભવ્ય પાલખી યાત્રા પણ યોજાશે, જેમાં મોટી સંખ્યામાં ભક્તો જોડાશે.

સમગ્ર દિવસ દરમિયાન બે વખત ધ્વજારોહણ કરવામાં આવશે. સવારે તેમજ રાત્રે બે વખત મહાદેવની મહાપૂજા યોજાશે. આ ઉપરાંત બપોરે બરાબર ૧૨ કલાકે મહા આરતીનું આયોજન કરવામાં આવ્યું છે. સાંજે શૃંગાર દર્શન, સંધ્યા આરતી તેમજ પ્રથમ, દ્વિતીય, તૃતીય અને ચતુર્થ પ્રહરની આરતીઓનું આયોજન પણ કરવામાં આવશે.

વહીવટી તંત્ર દ્વારા મહાપૂજા અને મહા આરતીની સુવ્યવસ્થિત તૈયારીઓ હાથ ધરવામાં આવી છે. ઋષિકુમારો દ્વારા વેદોક્ત મંત્રોચ્ચાર સાથે પાઠાત્મક લઘુરુદ્ર અને ડમરૂનાદનું આયોજન કરાશે.

મહાશિવરાત્રી નિમિત્તે સમગ્ર ઘેલા સોમનાથ મંદિર પરિસરમાં ૧૦૦૮ દીવડાઓ પ્રજ્વલિત કરાશે. ઘેલા સોમનાથ ખાતે મહાશિવરાત્રીના દિવસે ભક્તોને ભવ્યતા, દિવ્યતા અને આધ્યાત્મિકતાનો અનુભવ થશે.

આ બેઠકમાં પ્રાંત અધિકારી જસદણ રાહુલ ખાંભરા, પ્રાંત અધિકારી વીંછીયા ઉત્તમ કાનાણી, આસિસ્ટન્ટ સુપરિન્ટેન્ડેન્ટ ઓફ પોલીસ ડો. નવીન ચક્રવર્તી, મામલતદાર આઈ. જી. ઝાલા તથા ઘેલા સોમનાથ ટેમ્પલ ટ્રસ્ટના બીપીનભાઈ જાગાણી, વલ્લભભાઈ ઝાપડિયા, ખોડાભાઈ ખસિયા, રાજુભાઈ જોશી, ભોળાભાઈ રબારી અને વિજયભાઈ પરમાર સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

# લાલ બહાદુર શાસ્ત્રી બોયઝ વિદ્યાલય ખાતે શૈક્ષણિક કારકિર્દી માર્ગદર્શન સેમિનાર યોજાયો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

લાલ બહાદુર શાસ્ત્રી બોયઝ વિદ્યાલય ઉચ્ચત્તર માધ્યમિક વિભાગ ખાતે શૈક્ષણિક કારકિર્દી માર્ગદર્શન સેમિનાર યોજાયો હતો. સેમિનારમાં મદદનીશ નિયામક રોજગાર કચેરી, પ્રાદેશિક માહિતી કચેરી તેમજ સમગ્ર શિક્ષા અભિયાન દ્વારા વિદ્યાર્થીઓને શૈક્ષણિક કારકિર્દી તેમજ પરીક્ષાલક્ષી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

આ તકે રોજગાર કચેરીનાં કેરિયર કાઉન્સિલર તન્વીબેન ત્રિવેદીએ વિદ્યાર્થીઓને ધોરણ ૧૦ અને ધોરણ ૧૨ પછી શું કરવું? શૈક્ષણિક અને રોજગારલક્ષી અભ્યાસક્રમો, પરિક્ષાલક્ષી જાણકારી આપવાની સાથે રોજગાર કચેરીની કામગીરી અંગે માહિતી આપી હતી.



રાજકોટ પ્રાદેશિક માહિતી કચેરીના સિનિયર સબ એડિટર જીતેન્દ્ર નિમાવતે માહિતી કમિશનરની કચેરી દ્વારા પ્રકાશિત રોજગાર સમાચાર, ગુજરાત પાક્ષિક સહિતના વિવિધ પ્રકાશનો વિશે વિસ્તૃત જાણકારી આપીને આ પુસ્તિકાઓથી વિદ્યાર્થીઓના ઘડતરમાં મદદરૂપ થવાના મહત્વ અંગે માર્ગદર્શન આપ્યું હતું.

સમગ્ર શિક્ષા અભિયાનમાંથી કરિયર કાઉન્સિલર ડૉ. કર્તવી ભટ્ટ દ્વારા વિદ્યાર્થીઓને શૈક્ષણિક મનોવૈજ્ઞાનિક પ્રશ્નોત્તરી, સ્ટ્રેસ મેનેજમેન્ટ, શૈક્ષણિક કરિયરને લગતા પ્રશ્નો , પરિક્ષાનો ભય દૂર કરવા શું કરવું? વગેરે શૈક્ષણિક માર્ગદર્શન આપ્યું હતું.

આ તકે શાળાનાં આચાર્ય અલ્પેશભાઈ ભંડેરી, શિક્ષક હાજુમાંબેન મકરાણી, શિલ્પાબેન, કિશનભાઇ, હર્ષદભાઈ ખખ્ખર, નિલેશભાઈ પટેલ સહિત શિક્ષકો તેમજ બહોળી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# કંડલા બાયપાસ પર કારમાં આગની ઘટનાને લઈ મોકડ્રિલ જાહેર

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી મહાનગરપાલિકાની ફાયર એન્ડ ઈમરજન્સી શાખા દ્વારા કંડલા બાયપાસ પાસે પાર્કિંગમાં ઉભી કારમાં લાગેલી આગની ઘટના સમયે તાત્કાલિક કાર્યવાહી કરી આગ પર કાબૂ મેળવાયો હતો. અંતે આ ઘટનાને મોકડ્રિલ જાહેર કરવામાં આવતા લોકોએ રાહતનો શ્વાસ લીધો હતો. આ સાથે તા.૦૩ થી ૦૯ દરમિયાન ફાયર પ્રિવેન્શન અંગે ૮૭ લોકોને તાલીમ આપવામાં આવી હતી.



મોરબીના કંડલા બાયપાસ-નવલખી રોડ વિસ્તારમાં સ્થિત ક્રિષ્ના મેળા નજીક પાર્કિંગમાં રહેલી કારમાં આગ લાગ્યાનો કોલ મળતા મોરબી મહાનગરપાલિકાની ફાયર એન્ડ ઈમરજન્સી ટીમ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી હતી. ફાયર જવાનો દ્વારા સંપૂર્ણ સુરક્ષા સાધનો સાથે આગ ઉપર ઝડપથી કાબૂ મેળવી તેને બુઝાવવામાં આવી હતી. બાદમાં સમગ્ર ઘટનાને મોકડ્રિલ જાહેર કરવામાં આવી હતી. મોકડ્રિલ બાદ ફાયર વિભાગના કર્મચારીઓ દ્વારા મેળાના સંચાલકો અને હાજર નાગરિકોને ફાયર સેફટી, ફાયર સાધનોનો યોગ્ય ઉપયોગ અને ઈમરજન્સી સમયે અગ્નિશમન શાખાનો તાત્કાલિક સંપર્ક કેવી રીતે કરવો તેનું માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ મોકડ્રિલનો મુખ્ય હેતુ આકસ્મિક પરિસ્થિતિમાં ઝડપી પ્રતિસાદ આપવાની તૈયારી અને નાગરિકોમાં સુરક્ષા પ્રત્યે જાગૃતિ લાવવાનો હતો.

આ સિવાય તા.૩ થી ૯ ફેબ્રુઆરી દરમિયાન ફાયર શાખા દ્વારા ૩ સરકારી કચેરીમાં ૩૭, ૧ શાળામાં ૪૦ અને શાકભાજી બજારમાં ૯ મળી કુલ ૮૭ લોકોને ફાયર પ્રિવેન્શન ટ્રેનિંગ આપવામાં આવી હતી. ઉપરાંત સમાજવાડી, કોમ્પ્લેક્સ અને ઈન્ડસ્ટ્રીઝમાં ફાયર સેફ્ટી સર્ટિફિકેટની તપાસ હાથ ધરાઈ હતી. ફાયર એનઓસી ન ધરાવતા બિલ્ડીંગોને નોટિસ પાઠવાઈ અને જરૂરી માર્ગદર્શિકા આપવામાં આવી હતી. અગાઉ આપેલી નોટિસના પગલે ૧૮૫ કોમ્પ્લેક્સ અને ૩૮ સમાજવાડીમાં ફાયર સિસ્ટમ સ્થાપિત કરી કામગીરી શરૂ કરવામાં આવી છે. આ સમયગાળામાં ૩ ફાયર સેફ્ટી અપ્રુવલ માટેની અરજીઓ પ્રાપ્ત થઈ જેને આર.એફ.ઓ. કચેરીમાં ફોરવર્ડ કરવામાં આવી છે. તાજેતરમાં મોરબીમાં ૧ રેસ્ક્યુ કોલ અને ૧ આગની ઘટના નોંધાઈ હતી, જેમાં ફાયર જવાનો દ્વારા આધુનિક સાધનોની મદદથી કામગીરી કરવામાં આવી હતી. આવી કોઈ દુર્ઘટના સમયે મોરબી ફાયર અને ઈમરજન્સી સર્વિસનો ૦૨૮૨૨ ૨૩૦૦૫૦, ૧૦૧ અથવા ૧૧૨ ઉપર સંપર્ક કરી શકાય તેમ ચીફ ફાયર ઓફિસર દ્વારા જણાવાયું છે.

# રાજકોટ સહિત એક ડઝન શહેરોમાં મહત્તમ તાપમાન ૩૨ થી ૩૫ ડિગ્રી નોંધાતા ઉનાળાનો અહેસાસ

સૌરાષ્ટ્ર-કચ્છમાં ડબલ ઋતુ હજુ પણ યથાવત રહી છે.બે દિવસ બપોરનું તાપમાન ઘટયા બાદ ગઈકાલે ફરી રાજકોટ સહિત ૧૨-શહેરોમાં બપોરનું તાપમાન ૧ થી ૫ ડિગ્રી ઉંચકાતા ઉનાળાનો અહેસાસ થયો હતો. ગઈકાલે રાજયમાં સૌથી વધુ ગરમી રાજકોટમાં ૩૫.૧ ડિગ્રી અને સુરતમાં ૩૫.૮ ડિગ્રી મહત્તમ સાથે નોંધાઈ હતી. જયારે ગઈકાલે અમદાવાદમાં ૩૨.૭, અમરેલીમાં ૩૪.૩, વડોદરામાં ૩૪.૪, ભાવનગરમાં ૩૨, ભુજમાં ૩૩, ડાંગમાં ૩૪.૮, ડિસામાં ૩૩.૮, ગાંધીનગરમાં ૩૨.૫, કંડલામાં ૩૩.૨, નલિયામાં ૩૨, તથા પોરબંદરમાં ૩૨.૪ ડિગ્રી મહત્તમ તાપમાન નોંધાવા પામ્યુ હતું. જયારે આજે સવારે ભેજવાળા હવામાન વચ્ચે ઠંડી નહિવત રહેવા પામી હતી.આજે સવારે નલિયામાં ૧૪.૩ રાજકોટમાં ૧૬.૨, પોરબંદરમાં ૧૭.૫, વેરાવળમાં ૧૮.૩, સુરતમાં ૨૦, ઓખામાં ૧૯.૬, કંડલામાં ૧૯, ગાંધીનગરમાં ૧૮.૮, દ્વારકામાં ૧૮.૬, દિવમાં ૧૫.૬, ડિસામાં ૧૭.૧, અમદાવાદમાં ૧૯.૨, વડોદરામાં ૧૮.૪, ભાવનગરમાં ૧૯.૮, તથા ભુજમાં ૧૭.૪ ડિગ્રી લઘુત્તમ તાપમાન નોંધાયુ હતું.

# ઈલેક્ટ્રોનિક માધ્યમથી સગીરાનો પીછો કરવાના કેસમાં આરોપી નિર્દોષ જાહેર

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી સ્પેશિયલ પોકસો કોર્ટ દ્વારા મહત્વપૂર્ણ ચુકાદો આપવામાં આવ્યો હતો, જેમાં ઈલેક્ટ્રોનિક માધ્યમથી સગીરાનો પીછો કરી જાતીય સતામણીના આરોપમાં ઝડપાયેલા આરોપીને નિર્દોષ જાહેર કરવામાં આવ્યો છે. પુરાવાના અભાવે કોર્ટે આરોપીને છોડવાનો હુકમ કર્યો છે.



ફરીયાદ મુજબ, ફરિયાદીની સગીરવય ધરાવતી દીકરીના મોબાઈલ ફોન પર આરોપી દ્વારા વારંવાર ખરાબ મેસેજ મોકલવામાં આવતા હતા. ઉપરાંત ફેસબુક, ઈન્સ્ટાગ્રામ અને વોટ્સએપ જેવા ઈલેક્ટ્રોનિક માધ્યમ દ્વારા સંપર્ક કરી પીછો કરી જાતીય સતામણી કરવામાં આવી હોવાના આક્ષેપ કરવામાં આવ્યો હતા. આ મામલે ફરિયાદીએ મોરબી તાલુકા પોલીસ સ્ટેશન ખાતે આરોપી વિજય મચ્છા ધ્રાંગીયા વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા, પોલીસે આરોપી સામે આઈપીસી તથા પોકસો અધિનિયમ હેઠળ ગુનો નોંધ્યો હતો. તપાસ પૂર્ણ થતાં પોલીસ દ્વારા પોકસો કોર્ટમાં ચાર્જશીટ દાખલ કરવામાં આવી હતી. કેસની સુનાવણી દરમિયાન આરોપી પક્ષના વકીલ મયુર પૂજારાની કાયદાકીય દલીલો બાદ કોર્ટે ઉપલબ્ધ પુરાવા અને દલીલોને આધારે આરોપીને નિર્દોષ જાહેર કરી છોડવાનો હુકમ કર્યો હતો.

# મોરબીમાં 'નાણાકીય સાક્ષરતા સપ્તાહ' અંતર્ગત એસબીઆઈ દ્વારા જાગૃતિ રેલી યોજાઈ



### સાયબર ફ્રોડ અને સુરક્ષિત બેંકિંગ અંગે નાગરિકોને જાગૃત કરાયાઃ RBI ના માર્ગદર્શન હેઠળ સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા અને LDM મોરબીના સંયુક્ત ઉપક્રમે ગ્રીન ચોકથી પરાબજાર સુધી રેલીનું આયોજનઃ KYC પ્રક્રિયા, બેંક ખાતાની સુરક્ષા અને 'મ્યુલ એકાઉન્ટ' જેવી કાનૂની ગૂંચવણોથી બચવા બેંકિંગ નિષ્ણાતો દ્વારા માર્ગદર્શન અપાયું

**મુખ્ય સમાચાર, મોરબી**

ભારતીય રિઝર્વ બેંક દ્વારા તા. ૦૯ ફેબ્રુઆરીથી ૧૩ ફેબ્રુઆરી દરમિયાન સમગ્ર દેશમાં 'નાણાકીય સાક્ષરતા સપ્તાહ' ની ઉજવણી કરવામાં આવી રહી છે. જે અંતર્ગત મોરબીના નાગરિકોમાં નાણાકીય વ્યવહારો અને સાયબર સુરક્ષા અંગે જાગૃતિ લાવવાના ઉમદા હેતુથી સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાની રીજનલ ટીમ તથા મોરબી લીડ બેંકના સંયુક્ત સહયોગથી ગ્રીન ચોકથી પરાબજાર સુધી જાગૃતિ રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ રેલીના આયોજન થકી વર્તમાન સમયમાં વધતા જતા ડિજિટલ વ્યવહારો વચ્ચે ગ્રાહકોને સુરક્ષિત બેંકિંગનો અનુભવ કરાવવાનો હતો. રેલી દરમિયાન બેંક અધિકારીઓએ નાગરિકોને કેવાયસી અને સી-કેવાયસી પ્રક્રિયાની અનિવાર્યતા, બેંક ખાતાની સુરક્ષાના વિવિધ પાસાઓ અને સાયબર ફ્રોડથી બચવાના અસરકારક ઉપાયો વિશે માહિતગાર કર્યા હતા. ખાસ કરીને 'મ્યુલ એકાઉન્ટ' એટલે કે બીજાના નાણાકીય વ્યવહારો માટે પોતાના ખાતાનો ઉપયોગ કરવા દેવાની જોખમી પ્રવૃત્તિ અને તેની ગંભીર કાનૂની અસરો અંગે લોકોને વિશેષ રૂપે જાગૃત કરવામાં આવ્યા હતા.

આ રેલી દરમિયાન બેંકના સ્ટાફ દ્વારા સૂત્રોચ્ચાર અને પત્રિકાઓ દ્વારા નાગરિકોને કોઈ પણ અજાણી વ્યક્તિ સાથે બેંકિંગ વિગતો શેર ન કરવી અને સાયબર ઠગાઈનો ભોગ બનતા તુરંત સત્તાવાર હેલ્પલાઈનનો સંપર્ક કરવા અંગેનો સંદેશ આપવામાં આવ્યો હતો. મોરબીના જનતા તરફથી આ અભિયાનને બહોળો પ્રતિસાદ સાંપડ્યો હતો. આ રેલીમાં સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાના રીજનલ હેડ મોહન કૃષ્ણ અને તેમની ટીમ તથા લીડ ડિસ્ટ્રિક્ટ મેનેજર-મોરબી સાકીર છીપા તથા મોરબીના નાગરિકો જોડાયા હતા.

# જસદણ-આટકોટ ફોરલેન રોડ પર બેદરકારીઃ બ્યુટીફિકેશન બાદ કેબલ નાખવા માટે રોડનું ખોદકામ, માટીના થરથી અકસ્માતનો ભય

### કરોડોના ખર્ચે બનેલા રોડની સાઈડમાં ખોદકામ કરી માટી રોડ પર જ પાથરી દેવાતા વાહનચાલકો પરેશાન



**મુખ્ય સમાચાર, જસદણ**
**અહેવાલ - બીજલ ભેંસજાળીયા**

જસદણ-આટકોટ ફોરલેન રોડ જે હાલમાં જ બ્યુટીફિકેશન અને નવીનીકરણ પામ્યો છે, ત્યાં કોઈ અજાણ્યા કોન્ટ્રાક્ટર દ્વારા ઘોર બેદરકારી દાખવવામાં આવી રહી છે. રોડની સાઈડમાં કેબલ નાખવાની કામગીરી દરમિયાન જે માટી કાઢવામાં આવી છે, તેને વ્યવસ્થિત કરવાને બદલે મુખ્ય ડામર રોડ પર જ પાથરી દેવામાં આવી હોવાનું સામે આવ્યું છે.

ડામર રોડ પર પથરાયેલી માટી અને કાંકરાના કારણે ટુ-વ્હીલર ચાલકોના વાહન સ્લિપ થવાની ઘટનાઓ વધી શકે છે. રોડ પર માટી હોવાથી પસાર થતા વાહનોને કારણે ધૂળ ઉડે છે, જેનાથી વિઝિબિલિટી ઘટે છે અને શ્વાસ લેવામાં પણ તકલીફ પડે છે. કરોડોના ખર્ચે તૈયાર થયેલા જસદણ-આટકોટ ફોરલેન રોડના બ્યુટીફિકેશનને આડેધડ ખોદકામ કરીને નુકસાન પહોંચાડવામાં આવ્યું છે. સ્થાનિક લોકો અને વાહનચાલકોમાં આ મામલે ભારે રોષ જોવા મળી રહ્યો છે. લોકોની માંગ છે કે સંબંધિત વિભાગ તત્કાલ આ મામલે તપાસ કરે અને જવાબદાર કોન્ટ્રાક્ટર પાસે રોડની સફાઈ કરાવી તેની સામે કડક કાર્યવાહી કરે. જો સમયસર આ માટી હટાવવામાં નહીં આવે, તો કોઈ મોટો અકસ્માત સર્જાય તેવી પૂરેપૂરી શક્યતા છે.

# ઈવનિંગ પોસ્ટના સીનીયર સીટીઝન માટે તા.૧૬ થી ૨૨ સુધી સંગીત સંધ્યાનો કાર્યક્રમ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

સરગમ ક્લબ સંચાલિત સીનીયર સીટીઝન પાર્ક ઈવનિંગ પોસ્ટ માં તા. ૧૬/૨/૨૬ ને સોમવાર નાં રોજ ૫:૩૦ કલાકે ''જીતેન્દ્રકુમાર એન્ડ પાર્ટી'' દ્વારા એક સંગીત સંધ્યાનું આયોજન કરવામાં આવેલ છે તથા તા. ૧૭/૨/૨૬ ને મંગળવાર નાં રોજ ૫:૩૦ કલાકે ''આર. એન. મ્યૂઝિકલ ગ્રુપ'' દ્વારા એક સંગીત સંધ્યાનું આયોજન કરવામાં આવેલ છે તથા તા. ૧૮/૨/૨૬ ને બુધવાર નાં રોજ ૫:૩૦ કલાકે ''માનવમંદિર મ્યૂઝિકલ ગ્રુપ'' દ્વારા એક સંગીત સંધ્યાનું આયોજન કરવામાં આવેલ છે તથા તા. ૧૯/૨/૨૬ ને ગુરુવાર નાં રોજ ૫:૩૦ કલાકે ''મહાદેવ સિંગર ગ્રુપ'' દ્વારા એક સંગીત સંધ્યાનું આયોજન કરવામાં આવેલ છે તથા તા. ૨૦/૨/૨૬ ને શુક્રવાર નાં રોજ ૫:૩૦ કલાકે ''ચંદન મ્યુઝીકલ ગૃપ'' દ્વારા એક સંગીત સંધ્યાનું આયોજન કરવામાં આવેલ છે તથા તા. ૨૧/૨/૨૬ ને શનિવાર નાં રોજ ૫:૩૦ કલાકે "કે. આર. મ્યુઝીકલ ગૃપ'' દ્વારા એક સંગીત સંધ્યાનું આયોજન કરવામાં આવેલ છે અને

તા. ૨૨/૨/૨૬ ને રવિવાર નાં રોજ ૫:૩૦ કલાકે "ફ્રેન્ડઝ મ્યૂઝિકલ ગૃપ'' દ્વારા એક સંગીત સંધ્યાનું આયોજન કરવામાં આવેલ છે તો તમામ સરગમ કલબના ઈવનિંગ પોસ્ટના સભ્યોએ આઇકાર્ડ ઉપર પ્રવેશ મળશે. આઈકાર્ડ સાથે લઈને આવવું ફરજીયાત છે. તેના વગર પ્રવેશ નહિ મળે. તમામ મેમ્બરે સમયસર હાજરી આપવી. કાર્યક્રમ ને સફળ બનાવવા માટે સરગમ કલબના પ્રમુખ ગુણવંતભાઈ ડેલાવાળા તેમજ ઈવનિંગ પોસ્ટનાં ઈન્ચાર્જ મનસુખભાઈ મકવાણા, સહ ઈન્ચાર્જ જયપાલસિંહ ઝાલા, હરનેશભાઈ સોંલકી, જીતેન્દ્રકુમાર પીઠડીયા, રીનાબેન પરમાર, નાનજીભાઇ મિયત્રા, હિતેશભાઇ પંડ્યા, ચંદ્રેશભાઈ ચૌહાણ, કાશ્મીરાબેન રાઠોડ, તેમજ નીલાબેન હિંડોચા વગેરે જહેમત ઉઠાવી રહ્યા છે.

# હર.. હર.. મહાદેવના નાદ સાથે ભવનાથ મહાશિવરાત્રી મેળામાં લાખોની સંખ્યામાં શ્રધ્ધાળુઓ ઉમટયા

### આજથી ભાવિકોની સંખ્યા બમણી થવાની શકયતા દિગમ્બર સાધુ, સંતો, મહંતો શિવભકિતમાં લીન

**મુખ્ય સમાચાર, જુનાગઢ**

મહાવદ નોમના દિવસે સવારે ભવનાથ મહાદેવ મંદિરે બાવન ગજની ધ્વજારોહણ બાદ મેળો ખુલ્લો મુકાયો હતો એટલે કે ત્રણ દિવસમાં બપોર સુધીની યાત્રીકોની સંખ્યા પાંખી રહેવા પામી છે. બપોર બાદ સાંજે લોકો મેળામાં પહોંચ્યા છે. રાત્રીના માનવ ભીડ જોવા મળી રહી છે. પરંતુ દર વર્ષે બીજા દિવસે અડધી સંખ્યા જોવા મળી હતી કારણ કે ગીરનાર દરવાજાથી દત્ત ચોક ભવનાથ પહોંચતા ભાવિકો સરસામાન સાથે આવતા થાકી ગયા હતા.

ભજન-ભોજન અને ભકિતના ત્રિવેણી સંગમ સમાન ભવનાથનો મહા શિવરાત્રીનો મેળો આ વખતે ત્રીજા દિવસે પણ ગત વર્ષ કરતા ઓછી સંખ્યા જોવા મળી રહી છે. યાત્રીકો ભવનાથ દાદાના દર્શન કરીને સાધુ સંતોના ધૂણાઓના દર્શન કરી મેળામાં ફરતા જોવા મળ્યા હતા. બાદ અન્ન ક્ષેત્રો ૨૩૬ જેટલા છે ત્યાં મહાપ્રસાદને ઉતારાઓમાં આરામ કરતા જોવા મળ્યા હતા. વડીલો દિવ્યાંગોને રીક્ષામાં તળેટી સુધી લઈ જવાયા.

આ વખતે પ્રથમ વખત એક પણ વાહનને અંદર પ્રવેશ નહી અપાતા અપંગ દિવ્યાંગ અને વડીલોને વાઘેશ્વરી એસટી પાર્કિંગ પાંજરાપોળ પાર્કિંગ પોઈન્ટથી સીનીયર સીટીઝનો સહિતનાઓને તંત્ર દ્વારા રીક્ષામાં નિશુલ્ક બેસાડી તળેટી સુધી લઈ જવાયા હતા. સેવા અવિરત ચાલુ રાખવામાં આવી છે.






ખુદ કલેકટર, એસટી સહિતના અધિકારીઓ પણ ગીરનાર દરવાજાથી પગપાળા તળેટી સુધી પહોંચ્યા હતા. કલેકટર અનિલ રાણાવસીયા એસપી સુબોધ ઓડેદરા અધિક કલેકટર, નાયબ પોલીસ અધિકારી હીતેશ ધાંધલ્યા, ધારાસભ્ય સંજય કોરડીયા, સહિતના પદાધિકારીઓ પણ ચાલીને મેળામાં પગપાળા પબ્લીક (ભાવિકો) સાથે પહોંચ્યા હતા.

૩૬ કિ.મી. ગીરનારની લીલી પરિક્રમા ચાલીને થઈ જતી હોય તો ગીરનાર દરવાજા-ભરડાવાવથી સાડા ત્રણ કી.મી.ની ચાલીને કરવી તે મોટી વાત નથી તે કઠીન પણ નથી. વાહનોની પ્રવેશબંધીના કારણે પગપાળા ચાલવામાં કોઈ જ તકલીફ પડતી નથી તંત્રએ જે નિર્ણય લીધો છે તે એકદમ યોગ્ય નિર્ણય યાત્રીકોએ ગણાવ્યો છે.

જે મહત્વપૂર્ણ હતો તે પ્રથમ વખત અમલ સો ટકા પોલીસ તંત્ર અને વહીવટી વિભાગે લીધો તેનો આનંદ છે તેમ જણાવ્યું છે જે દર વર્ષે આજ રીતે અમલ કરે તેવી પ્રતિક્રિયા આપી છે. મેળામાં બસો રીક્ષાઓ અન્ય વાહનોના કારણે મેળાના રૂટ પર આવવા જવામાં ભારે મુશ્કેલીનો સામનો કરવો પડતો હતો.

ટ્રાફીકનો પ્રશ્ન રોડ પર વારંવાર ઉભો થતો હતો. આ વર્ષે ખુબ સારી રીતે પરિક્રમા આરામથી ચાલીને થઈ રહી છે. વાહનોનો ધમાડો વોર્નના અવાજો એકસીડન્ટની કોઈ જ ચિંતા વીના મેળો થઈ રહ્યો છે. કલેકટર ડીએસપીને યાત્રીકો અભિનંદન આપતા જોવા મળ્યા હતા.

મહાશિવરાત્રીના મેળામાં જાણીતા અઘોરી ગ્રુપે આધુનિક સંગીતના સમન્વય સાધીને શિવ- શક્તિની ભક્તિમય પ્રસ્તુતિઓ આપીને શ્રોતાઓને અને મંત્રમુગ્ધ કર્યા હતા.

કમિશનરશ્રી યુવક સેવા અને સાંસ્કૃતિક વિભાગ -ગાંધીનગર તથા જિલ્લા વહીવટી તંત્ર- જૂનાગઢ દ્વારા આયોજિત આ સાંસ્કૃતિક કાર્યક્રમને મહાશિવરાત્રીના મેળામાં પધારેલા મોટી સંખ્યામાં પધારેલા ભાવિકોએ માણ્યો હતો.

આધુનિક સંગીતના સમન્વય સાથેની આ ભક્તિમય પ્રસ્તુતિઓને માણવા માટે સાંસ્કૃતિક કાર્યક્રમનું સ્થળ ભાવિકો સંગીત પ્રેમીઓથી ચિક્કાર ભરાઈ ગયું. આ સાંસ્કૃતિક કાર્યક્રમમાં જિલ્લા પંચાયતના પ્રમુખ હરેશભાઈ ઠુંમર, જિલ્લા કલેકટર અનિલકુમાર રાણાવસિયા, ધારાસભ્ય સંજયભાઈ કોરડીયા, જિલ્લા પંચાયતના ઉપપ્રમુખ મુકેશભાઈ કણસાગરા, કમિશનર તેજસ પરમાર, પ્રાંત અને મેળાધિકારી ચરણસિંહ ગોહિલ સહિતના પદાધિકારી -અધિકારી પણ સહભાગી બન્યા હતા.

મહાશિવરાત્રીના મેળામાં પ્રથમ વખત વૃદ્ધ દિવ્યાંગજનો અને અશકતો માટે વિનામૂલ્યે વાહન વ્યવસ્થા રાખવામાં આવી છે.

આ વાહનનો ઉપયોગ કરીને ભવનાથ મહાદેવના દર્શન અને મેળાનો લાભ મળતા દિવ્યાંગ અને વયોવૃદ્ધ ,અશક્ત ભાવિકોએ એ તંત્રનો આભાર માન્યો હતો.જિલ્લા વહીવટી તંત્રની આ વ્યવસ્થાને ભાવિકોએ આવકારી છે.

જિલ્લા કલેકટર શ્રી અનિલકુમાર રાણાવસિયાની સુચનાથી આજે દિવ્યાંગો માટે રિઝર્વ રખાયેલા તમામ ૫૦ વાહનોનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. જેથી દિવ્યાંગો ,વૃદ્ધજનો અને અશકત ભાવિકોને મોટી રાહત થઈ હતી.

આ કામગીરી નું સંકલન વિવિધ પાર્કિંગ ખાતેથી સમાજ સુરક્ષા વિભાગના અધિકારી અને તેની ટીમ પ્રાંત અધિકારી અને મેળા અધિકારીના સંકલનમાં કરી રહી છે.

ચોથી જાગીરનો પડકાર
મુખ્ય સમાચાર
સાંધ્ય દૈનિક

# દેશ વ્યાપી સાયબર ગુન્હાખોરીના નેટવર્કનો પર્દાફાશઃ છ ઝડપાયા, ચાર શખ્સોની શોધખોળ

ઓપરેશન 'મ્યુલ હન્ટ' અંતર્ગત રાજકોટ જીલ્લા પોલીસની સરહાનીય કામગીરીઃ ૧૬ કરોડથી વધુની છેતરપીંડી અને ૪૦૦ કરોડથી વધારેના ટ્રાન્ઝેકશન કરનાર શખ્સોનું નેટવર્કનું કનેકશન રાજકોટ અને ગોંડલ નીકળ્યું





તસવીર : ગૌરવ લક્કરી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ જીલ્લામાં દેશવ્યાપી સાયબર ગુન્હાખોરીનું નેટવર્કનો ગ્રામ્ય પોલીસે પર્દાફાશ કરી ૪૦૦ કરોડથી વધુના બેંક એકાઉન્ટના ટ્રાન્ઝેકશનની ચકાસણી કરી ભારતભરમાં ૧૨ રાજયોમાં ૧૬ કરોડથી પણ વધુની છેતરપીંડી કરનાર ટોળકીના સાગરીકોને ઝડપી લેવામાં પોલીસને સફળતા મળી છે. રાજકોટ અને ગોંડલ પંથકમાંથી ઓપરેશન મ્યુલ હન્ટ અંતર્ગત છ શખ્સોની ધરપકડ કરવામાં આવી છે.

૨૧મી સદીમાં ડીઝીટલ યુગ ચાલી રહ્યો હોય ત્યારે સાયબર માફિયાઓ પણ પોતાની આગવી ઢબે એનકેન પ્રકારે લોકોને કરોડોની રકમમાં છેતરપીંડી આચરી રહ્યા હોય ત્યારે દેશભરમાં ઓનલાઇન છેતરપીંડીનો ભોગ બનનાર લોકો માટે સરકાર દ્વારા ૧૯-૩૦ એનસીસીઆરપી પોર્ટર પર ફરીયાદ કરવા અનુરોધ કરવામાં આવી રહ્યો છે ત્યારે દેશભરમાં ૧૨ રાજયોમાં આશરે ૧૩૦થી વધુ ફરીયાદ આ પોર્ટર પર નોંધવામાં આવી હોય જેની તપાસ રાજકોટ ગ્રામ્ય જીલ્લા પોલીસના એસપીની સુચનાથી એલસીબી પીઆઇ વી.વી.ઓડેદરા, સાયબર ક્રાઇમ સેલના પીઆઇ આર.જે.ગોધમ, એસઓજીના પીઆઇ જી.જે.ઝાલા, સાયબર સેલના પીએસઆઇ એમ.એન.રાઠોડ, સી.બી.વાંક, એએસઆઇ બ્રિજરાજસિંહ જાડેજા, મયુરભાઇ, કુમારભાઇ સહિતના સ્ટાફ દ્વારા અલગ-અલગ ટીમો બનાવી આશરે અલગ-અલગ બેંક એકાઉન્ટમાં ૪૦૦ કરોડથી વધારેના ટ્રાન્ઝેકશન ચેક કરવામાં આવતા શંકાસ્પદ એકાઉન્ટમાં ગોંડલ માર્કેટીંગ યાર્ડ ખાતે સ્થીત જયોત ટ્રેડીંગ કંપનીના ખાતામાં આશરે ૨૦૦ કરોડથી વધુની લેવડદેવડ મળી આવી હતી. તપાસમાં ખાતા ધારક જય નાદપરાની પુછપરછ કરતા તેણે આ લેવડદેવડ બાબતે કબૂલાત આપી હતી કે, નાણાં પોતે કમિશનની લાલચે સાયબર ફ્રોડના ગુન્હામાં છેતરાયેલા લોકોના હોય અને પેઢીના અલગ-અલગ એકાઉન્ટ મારફતે ટ્રાન્ઝેકશન કરી રોકડ નાણાં આંગણીયા મારફતે મોકલાવવામાં આવતા હતા. અન્ય ટ્રાન્ઝેકશન મારફતે મનીષ કમાણી, રૂષીત રૈયાણી તથા અન્ય શખ્સો ગુજરાત બહારના સાયબર માફીયાઓની સાથે મળી આશરે ૪૦૦ કરોડથી વધારે છેતરપીંડી આચરી ગેરકાયદે નાણાંની હેરાફેરી કરી હોવાનું સામે આવ્યું હતું.

પોલીસે જય મનસુખ નાદપરા, મનીષ છગન કામાણી દ્વારા ગુજરાત રાજયમાં ૧૨ અરજીઓમાં કુલ ૩.૧૦ કરોડ તથા ભારતના અન્ય રાજયોમાંથી કુલ ૧૦૩ અરજીઓમાં રૂ.૧૨.૯૭ કરોડના સાયબર ફ્રોડના નાણાં રોકડમાં રૂપાંતર કરવામાં આવ્યા હતા.

## આ કેસમાં ઝડપાયેલા આરોપી અને અન્ય ચારની શોધખોળ

જય મનસુખ નાદપરા (રહે.ગોંડલ), મનીષ છગન કામાણી (રહે.રાજકોટ), પ્રવિણસિંહ ભૂપતસિંહ પરમાર (રહે.રાજકોટ), મહેન્દ્રસિંહ કલ્યાણજી જાડેજા (રહે.રાજકોટ), મયુરસિંહ મહીપતસિંહ વાઘેલા (રહે.રાજકોટ), રૂષીત તુલસી રૈયાણી (રહે.ગોંડલ)ની ધરપકડ કરવામાં આવી હતી. જયારે આ ઓનલાઇન સાયબર ફ્રોડનો સુત્રધાર હૈદરાબાદનો આદિલ નામનો શખ્સ સહિત અન્ય ચાર આરોપીઓની શોધખોળ શરૂ કરવામાં આવી છે.

## ઓનલાઇન છેતરપીંડીના નાણાં બેંકમાં રોકડમાં રૂપાંતરીત કર્યા

ગોંડલનો જય મનસુખ નાદણપરાએ આઇસીઆઇસી બેંક, યશ બેંક, બેન્ક ઓફ ઇન્ડિયા, ગોંડલ નાગરકી બેંક અને એચડીએફસી બેંકમાંથી નાણાં રોકડમાં રૂપાંતરીત કર્યા હતા. જયારે રાજકોટનો મનીષ છગન કમાણીએ પણ ઉપરોકત તમામ બેંકના ખાતામાં નાણાં રૂપાંતરીત કર્યા હતા. આ કેસમાં પ્રવિણસિંહ ભૂપતસિંહ પરમાર નામનો શખ્સ આંગણીયા પેઢીનો કર્મચારી હોય જેને રોકડ રકમ દેશના અલગ-અલગ રાજયોમાં સાયબર ગુન્હા આચરતા સુત્રધારોને નાણાં મોકલાવવામાં આવ્યા હતા. આ કેસમાં આંગણીયા પેઢીનો મહેન્દ્રસિંહ કલ્યાણજી જાડેજા, મયુરસિંહ મહીપતસિંહ વાઘેલા અને ગોંડલનો રૂષીત તુલસી રૈયાણી સહિત છ શખ્સોની સંડોવણી સામે આવી હતી.

# મનહરપુરમાં માતાજીના મંદિરમાંથી રૂ.૧.૧૬ લાખની ચોરી કરનાર તસ્કર ઝડપાયો

ડીસીપી ઝોન-૨ એલસીબીની ટીમે ગણતરીની કલાકોમાં ભેદ ઉકેલી નાખી રૂ.૬૦૦૦૦નો મુદ્દામાલ કબ્જે કર્યો



**મુખ્ય સમાચાર, રાજકોટ**

જામનગર રોડ પર આવેલા મનહરપુર-૧માં ચામુંડા માતાના મંદિરમાંથી કોઇ અજાણ્યા શખ્સો માતાજીના આભુષણો કિંમત રૂ.૧.૧૬ લાખના ચોરી કરી જતા ગાંધીગ્રામ-૨ યુની. પોલીસમાં ફરીયાદ નોંધાયા બાદ સ્થાનિક પોલીસ અને ડીસીપી ઝોન-૨ એલસીબીની ટીમે તપાસ શરૂ કરતા ગણતરીની કલાકોમાં જ ચોરીના બનાવનો ભેદ ડીસીપી ઝોન-૨ એલસીબી ટીમે ઉકેલી નાખી તસ્કરની ધરપકડ કરી છે.

આ અંગેની માહિતી મુજબ જામનગર રોડ પર માધાપર ગામની સામે આવેલ મનહરપુર-૧માં રહેતા વિજયભાઇ દિનેશભાઇ બાણોધરા (ઉ.વ.૩૨) નામના યુવાને ગાંધીગ્રામ-૨ યુની. પોલીસમાં ફરીયાદ નોંધાવી છે કે, કોઇ અજાણ્યા ઇશ્મો શેરીમાં આવેલ ચામુંડા માતાના મઢમાં પ્રવેશ કરી માતાજીનો સોનાનો મુગટ, ચાંદીના ચાર ફરા સહિત કુલ રૂ.૧.૧૬ લાખના આભુષણો ચોરી ગયાની ફરીયાદ નોંધાવતા હેડ કોન્સ. ફિરોજભાઇએ ગુન્હો નોંધી પ્રાથમીક તપાસ હાથ ધરી હતી. તે દરમ્યાન ડીસીપી ઝોન-૨ એલસીબી ટીમના પીએસઆઇ આર.એચ.ઝાલા, એએસઆઇ જે.વી.ગોહિલ, હેડ કોન્સ. હેમેન્દ્રભાઇ, ધર્મરાજસિંહ, કુલદિપસિંહ સહિતનો સ્ટાફ વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા ત્યારે બાતમી દારોનું નેટવર્ક કામે લગાડી સીસીટીવી ફૂટેઝના આધારે બનાવના ગણતરીની કલાકોમાં જ માધાપર ચોકડી પાસે મનહરપુર-૧માં રહેતો મહેશ કાનજી બાણોધરા નામના શખ્સને દબોચી લઇ રૂ.૬૦૦૦૦ની કિંમતનો સોનાનો મુગટ સહિતનો મુદ્દામાલ કબ્જે કરી વધુ તપાસ હાથ ધરી છે.

# રાજકોટમાં અશાંતધારાની અનેક અરજીઓ પેન્ડિંગ



**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ શહેરમાં અશાંતધારાના કાયદા હેઠળની અનેક અરજીઓ પેન્ડિંગ છે. અરજીના નિકાલમાં થઈ રહેલા વિલંબ અને જાન્યુઆરી-૨૦૨૬ના નવા નોટિફિકેશનમાં જોવા મળતી વિસંગતતાઓને કારણે મિલકત લે-વેચના વ્યવહારોમાં મોટો અવરોધ ઉભો થયો છે. આ મામલે તંત્રની નિષ્ક્રિયતા અને ટેકનિકલ ભૂલોને કારણે સામાન્ય નાગરિકો અને પક્ષકારો ભારે મુશ્કેલીમાં મુકાયા હોવાનો આરોપ રાજકોટ બાર એસોસિએશન દ્વારા લગાવાયો છે અને આ મુદ્દે તાત્કાલિક પગલાં લેવા કલેક્ટર પાસે માંગ કરી છે. તેમજ હજારો લોકોને અસર કરતી આ સમસ્યા તાત્કાલિક દૂર કરવામાં નહીં આવે તો ઉગ્ર આંદોલનની ચીમકી પણ ઉચ્ચારવામાં આવી છે.

રાજકોટ રેવેન્યુ બાર એસોસિએશનના સેક્રેટરી વિજય તોગડિયાએ જણાવ્યું હતું કે, રાજકોટમાં અશાંતધારા હેઠળની અંદાજે ૧૫૦ થી ૨૦૦ જેટલી અરજીઓ લાંબા સમયથી કોઈ પણ પ્રકારના ઓર્ડર વિના પેન્ડિંગ પડી છે. વકીલો અને પક્ષકારો દ્વારા વારંવાર પ્રાંત કચેરીઓમાં રજૂઆત કરવા છતાં આ અરજીઓનો નિકાલ કરવામાં આવતો નથી. અશાંતધારાનો ક્લિયરન્સ ઓર્ડર નહીં હોવાને કારણે સબ-રજિસ્ટ્રાર કચેરીમાં દસ્તાવેજની નોંધણી થઈ શકતી નથી, જેને પગલે મિલકતના ટ્રાન્ઝેક્શન સંપૂર્ણપણે અટકી પડ્યા છે.

# ભગવતીપરામાં દારૂ પીવાના પૈસા આપવાની ના પાડતા યુવક પર હિચકારો હુમલો

કાયદાની ઐસીતૈસી કરતા લૂખ્ખાઓ પોપટપરાનો યુવક સસરાના ઘેર જતો હતો ને બે શખસો તુટી પડયા



**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમાં કાયદાની ઐસીતૈસી કરતા લૂખ્ખા શખસો સામે પોલીસના અભીયાન વચ્ચે ભગવતી પરામાં ધોકા સાથે ધમાલ મચાવતા લૂખ્ખા શખસોએ દારૂ પીવાના પૈસા નહી આપતા પોપટપરાના યુવક ઉપર હુમલો કર્યો હોવાનુ બહાર આવતા પોલીસે ગુનો નોધવા અને આરોપીઓને પકડી લેવા કાર્યવાહી કરી છે.

આ અંગેની માહિતી મુજબ પોપટપરામાં રહેતો અને કેટરીંગમાં મજુરી કામ કરતો ઈમ્તીયાઝ અજીતભાઈ ઉકા (ઉ.૪૦) નામનો યુવક પગપાળા તેના સસરાના ઘેર જતો હતો તે દરમ્યાન ધોકા સાથે સરાજાહેર ધમાલ મચાવતા બે શખસોએ ધસી આવી તેની પાસે દારૂ પીવાના પૈસાની માંગ કરી હતી. જેથી ઈમ્તીયાઝએ પૈસા આપવાનો ઈન્કાર કરતા તેની ઉપર હુમલો કર્યો હતો. દરમ્યાન દેકારો થતા લોકો એકઠા થતા તેને સારવાર માટે સીવીલ હોસ્પીટલમાં ખસેડાયો હતો. બનાવની જાણ થતા બી.ડીવીઝન પોલીસ મથકના જમાદાર કુલદિપ સિંહ સહીતના સ્ટાફે તપાસ કરી ગુનો નોધવાની તેમજ આરોઓને પકડી લેવા કાર્યવાહી કરી છે.

# માતાની દશમાની વિધીમાં બેઠેલા કનસ્ટ્રકસનના ધંધાર્થીનું એટેકથી મોત

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રૈયારોડ, લીંબુડી વાડીમાં સોજીત્રાના ટાંકા સામે આવેલ સોમનાથ મહાદેવ મંદિરે માતાની દસમાની વિધિમાં બેઠેલા બિલ્ડીંગ કંટ્રક્શનના ધંધાર્થીનું હાર્ટ એટેકથી મોત નીપજ્યું હતું. બનાવથી પરિવારમાં ભારે કલ્પાંત છવાયો હતો.



આ અંગેની માહિતી મુજબ અશ્વિનભાઈ ઉર્ફે પિન્ટુભાઈ દિનેશચંદ્ર તન્ના (ઉંમર વર્ષ ૪૯, રહે, શાંતિનિકેતન એવન્યુ, આલાપગ્રીન સીટીની પાછળ, રૈયા રોડ, રાજકોટ) સવારે ૧૦ વાગ્યાની આસપાસ હનુમાન મઢીથી આગળ, લીંબુડીવાડી રોડ પર, સોજીત્રાના ટાંકા સામે આવેલ સોમનાથ મહાદેવ મંદિરએ હતા ત્યારે અચાનક જ બેભાન થઈ ઢળી પડ્યા હતા. તેમને તત્કાલ બેભાન હાલત-માં અત્રેની રાજકોટ સિવિલ હોસ્પિટલમાં લાવતા ફરજ પરના ડો.દેવાંક્ષી તારપરાએ જોઈ તપાસી મૃત જાહેર કર્યા હતા. બનાવો અંગે રાજકોટ સિવિલ હોસ્પિટલ પોલીસ ચોકીના ઇન્ચાર્જ મહેશભા જોગડા અને રવિભાઈ ચાવડાએ નોંધ કરી ગાંધીગ્રામ પોલીસ સ્ટેશનને જાણ કરી હતી ગાંધીગ્રામ પોલીસ સ્ટેશનના સ્ટાફે રાજકોટ સિવિલ હોસ્પિટલ ખાતે પહોંચી મૃતદે પીએમ માટે ખસેડ્યો હતો. પરિવારજનોએ જણાવ્યું કે, ગઈ તા. ૩/૨/૨૦૨૬ના રોજ અશ્વિનભાઈના ૭૫ વર્ષીય માતા પુષ્પાબેનનું અવસાન થયું હતું જે પછી સોજીત્રાણા ટાંકા સામે આવેલ સોમનાથ મહાદેવ મંદિર ખાતે અસ્વિનભાઈ ના સ્વર્ગસ્થ માતાની દસમાની ધાર્મિક વિધિ હતી.

અશ્વિનભાઈ સવારથી જ આ વિધિમાં બેઠા હતા. દરમિયાન તેઓ બેઠા બેઠા જ બેભાન થઈ ગયા હતા. તેમને તત્કાલ હોસ્પિટલ લઈ જવાયા હતા પરંતુ જીવ બચી શક્યો નહોતો. અશ્વિનભાઈ બિલ્ડીંગ કન્સ્ટ્રક્શનના વ્યવસાય સાથે જોડાયેલા હતા તેમને સંતાનમાં બે દીકરા અને એક દીકરી છે. મૃતક અશ્વિનભાઈ જામ ખંભાળિયાના સાંજ સમાચારના પ્રતિનિધિ કુંજનભાઈ રાડિયાના સાળા થાય છે. પરિવારજનો બનાવની જાણ થતા રાજકોટ સિવિલ હોસ્પિટલ દોડી આવ્યા હતા અને પરિવારમાં ભારે ગમગીની છવાઈ હતી.

# કુવાડવા રોડ નવાગામ નજીક માતા અને બે પુત્રો પર હીચકારો હુમલો

માંડા ડુંગરના હત્યાના પ્રયાસના ગુનામાં અગાઉ સંડોવાયેલા હિરેન અને તેના પરિવાર ઉપર નવાગામ પાસે હુમલો



**મુખ્ય સમાચાર, રાજકોટ**


શહેરના આજીડેમ ચોકડી પાસે માંડા ડુંગર નજીક સદ્દગુરૂ પાર્ક સોસાયટીમાં રહેતાં અને લાલપરીમાં મકાન ધરાવતાં મહિલા અને તેના બે પુત્રો પર ગ્રીનલેન્ડ ચોકડીથી આગળ જુના કુવાડવારોડ પોલીસ સ્ટેશન નજીક કોઈ કારણ ટોળાએ હુમલો કરી છરી, ધોકા, પાઈપથી માર મારતાં ત્રણેયને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામા આવ્યા હતા.

આ બનાવ અંગે ની મળતી વિગતો મુજબ માંડા ડુંગર પાસે રહેતાં અલ્પાબેન મહેશભાઈ ગરચર ઉ.વ.૪૩ તથા તેના બે પુત્રો હિરેન મહેશભાઈ ગરચર ઉ.વ.૨૩ અને કૃપાલ મહેશભાઈ ગરચર ઉ.વ.૧૯ વાળા કુવાડવા રોડ નવાગામ જુના પોલીસ સ્ટેશન પાસે હતાં ત્યારે આશીષ દેવીપૂજક તથા છ જેટલા અજાણ્યા શખ્સોએ ધોકા-પાઈપ-છરીથી હુમલો કરતાં ત્રણેયને ઈજાઓ પહોંચતા લોહી લુહાણ હાલતમાં સારવાર માટે સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા.

આ ઘટના અંગેની જાણ થતા બી ડિવિઝન પોલીસ મથકનો કાફલો ઘટના સ્થળે તેમજ હોસ્પિટલ ખાતે દોડી જઈ પ્રાથમિક તપાસ હાથધરી હતી, તેમજ હુમલો કોણે અને શા માટે કર્યો તે અંગે તપાસના ચક્રો ગતિમાન કર્યા હતા, તે દરમિયાન પ્રાથમિક તપાસમાં સામે આવ્યું હતું કે અલ્પાબેન લાલપરીમાં રહેતા હોવાનું અને પુત્ર હિરેન અગાઉ હત્યાની કોશિષના ગુનામાં સંડોવાયેલો છે અને એ ગુનામાં હજુ ફરાર છે. જ્યારે હિરેનના માતા અલ્પાબેન હાલ કારખાનામાં કામ કરતા હોવાનું અને ત્રણેય માં દિકરાઓ પર જુની અદાવતને લીધે હુમલો થયો કે અન્ય કારણે? તેની તપાસ બી ડિવિઝન પોલીસ મથકની ટીમ ચલાવી રહી છે અને હુમલાખોરની શોધ કોણે શરૂ કરી છે.

# રાજકોટમાં સૌપ્રથમ ગ્લો ગાર્ડન બનશે

રેસકોર્સમાં રૂ. ૧ કરોડના ખર્ચે આધુનિક લાઈટિંગ દ્વારા સ્વપન જેવી દુનિયા ઉભી કરાશે, બાળકો માટે આકર્ષણનું કેન્દ્ર બનશે



**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા શહેરના હૃદય સમાન રેસકોર્સ ગાર્ડન ખાતે રૂ. ૧૦,૦૦૦,૦૦૦ (રૂ. ૧ કરોડ) ના ખર્ચે શહેરનું સૌ પ્રથમ 'ગ્લો ગાર્ડન' બનાવવાની મહત્વકાંક્ષી જાહેરાત કરવામાં આવી છે. આગામી નાણાંકિય વર્ષ ૨૦૨૬-૨૭ ના બજેટમાં આ પ્રોજેક્ટને સ્થાન આપીને હાલ કોર્પોરેશન દ્વારા શહેરીજનોના મનોરંજનમાં એક નવું નજરાણું ઉમેરવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. આ ગ્લો ગાર્ડન માત્ર એક બગીચો જ નહીં, પરંતુ રાત્રિના સમયે પ્રકાશ અને કલાના સમન્વયથી ઉભું કરવામાં આવેલું એક અદભૂત વિશ્વ હશે. આ પ્રોજેક્ટનો મુખ્ય ઉદ્દેશ્ય રાજકોટના નાગરિકો અને ખાસ કરીને બાળકોને આંતરરાષ્ટ્રીય કક્ષાનું મનોરંજન પૂરું પાડવાનો છે. પ્રદ્યુમન પાર્ક, રામવન અને અટલ સરોવર જેવા સફળ પ્રવાસન સ્થળોની યાદીમાં હવે આ ગ્લો ગાર્ડનનો પણ સમાવેશ થશે, જે શહેરના પર્યટન મૂલ્યમાં વધારો કરશે.

આ ગ્લો ગાર્ડનની વિશેષતાઓ વિશે વાત કરીએ તો, અહીં અદ્યતન ટેકનોલોજી અને આધુનિક લાઈટિંગ ઈફેક્ટ્સનો ભરપૂર ઉપયોગ કરવામાં આવશે. બગીચામાં વિવિધ પશુ-પક્ષીઓના વિશાળ કદના મોડેલ્સ તૈયાર કરવામાં આવશે, જે રાત્રિના અંધકારમાં ઝળહળી ઉઠશે. આ મોડેલ્સમાં વપરાતી લાઈટિંગ એવી રીતે ગોઠવવામાં આવશે કે તે કુદરતી આભા પેદા કરે. બાળકો માટે આ એક સ્વપન જેવી દુનિયા હશે, જ્યાં બગીચાના વૃક્ષો અને છોડવાઓને પણ એલ.ઈ.ડી. અને ફાઈબર ઓપ્ટિક્સ જેવી ટેકનોલોજીથી શણગારવામાં આવશે, જેથી આખું પરિસર રાત્રે દૂધિયા અને રંગીન પ્રકાશથી ઝળહળતું રહેશે.

# શહેર પ્રમુખ તથા પૂર્વ ધારાસભ્ય વિરૂધ્ધ વિધાનો કરનાર પ્રવિણ સોરાણીને શોકોઝ નોટીસ

કોંગ્રેસનો શિસ્તભંગના પગલા લઈને અન્ય અસંતુષ્ટ હોય તો તેને પણ સ્પષ્ટ-કડક મેસેજ આપી દેવાનો વ્યૂહ



**મુખ્ય સમાચાર, રાજકોટ**

કોર્પોરેશનની આગામી ચૂંટણી પૂર્વે કોંગેસમાં આંતરિક વિવાદના લબકારા જોવા મળી જ રહ્યા છે ત્યારે પાર્ટીના કાર્યાલય મામલે શહેર પ્રમુખ તથા પૂર્વ ધારાસભ્ય વિરૂધ્ધ વિધાનો કરનાર આગેવાનને નેતાગીરીએ શોકોઝ નોટીસ ફટકારી છે અને સાત દિવસમાં ખુલાસો માંગ્યો છે.

પ્રદેશ કોંગ્રેસની શિસ્ત સમિતિના ચેરમેન બાલુભાઈ પટેલની સહીથી રાજકોટ કોંગ્રેસના આગેવાન પ્રવિણ સોરાણીને શોકોઝ નોટીસ ફટકારવામાં આવી છે તેમાં એમ કહેવાયું છે કે પાર્ટીને નુકશાન થાય તેવા વિધાનો સોશ્યલ મીડીયા સહિતના જાહેરમંચ પર કરતા હોવાનું ધ્યાને આવ્યું છે જેનાથી પાર્ટીની છબી ખરડાય છે. ઉપરાંત સમાજમાં પણ પ્રત્યેની ખોટી છાપ ઉભી થાય છે. આ વર્તન સહન ન થઈ શકે અને શિસ્તભંગની વ્યાખ્યામાં આવે છે.

શિસ્તભંગની કાર્યવાહીના ભાગરૂપે પગલા કેમ ન લેવા? તે પ્રકારની શોકોઝ નોટીસમાં સાત દિવસમાં ખુલાસો માંગવામાં આવ્યો છે. નિર્ધારિત સમયમાં ખુલાસો ન થવાના સંજોગોમાં એક્શન લેવાની ચિમકી આપવામાં આવી છે.

કોંગ્રેસના સૂત્રોએ કહ્યું કે સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી પૂર્વે જાહેરમાં અને સોશ્યલ મીડિયામાં વાંધાજનક નિવેદનો સામે પગલા ન લેવાય તો ખોટી છાપ ઉપસી શકે તેને ધ્યાનમાં રાખીને શિસ્તભંગના પગલા લઈને અન્ય અસંતુષ્ટો હોય તો તેને પણ સ્પષ્ટ-કડક મેસેજ આપી દેવાનો વ્યૂહ છે.અત્રે ઉલ્લેખનીય છે કે ગત સપ્તાહમાં પ્રવિણ સોરાણીએ સોશ્યલ મીડિયામાં પોસ્ટ મુકી હતી. પૂર્વ ધારાસભ્ય ઈન્દ્રનીલ રાજ્યગુરુ કોંગ્રેસને પેઢી સમજતા હોવાનું અને આ કારણે અનેક નેતાઓ તેમની માલીકીના કાર્યાલયે જતાં નથી. શહેર પ્રમુખ રાજદિપસિંહ જાડેજામાં કાર્યાલય બદલવાની ત્રેવડ ન હોય તો રાજીનામુ આપી દેવું જોઈએ તેવો પણ પોસ્ટમાં ઉલ્લેખ હતો. ચૂંટણીમાં કોંગ્રેસને એક પણ બેઠક નહીં મળવા જેવા વિધાન પણ કર્યા હતાં.

# રાજકોટમાં પ્રેમીએ તરછોડી દેતા સગીરા રીક્ષા ચાલકનો શિકાર બની

યુવક સાથે રહેવા ગોંડલથી રાજકોટ પહોંચી પણ પ્રેમી આવ્યો જ નહીં, નિરાશામાં બસ સ્ટેન્ડ પહોંચતા હવસખોર રીક્ષા ચાલકનો ભેટો થયો હતો



**મુખ્ય સમાચાર, રાજકોટ**

ગોંડલ પંથકની ૧૫ વર્ષીય સગીરા પ્રેમી સાથે ભાગી જવાની ફિરાકમાં રાજકોટ પહોંચી પણ પ્રેમી આવ્યો નહી અને ભગવાની ના પાડી વિશ્વાસઘાત કરતાં નિરાશામાં તેણી રાજકોટ બસસ્ટેન્ડ ઉપર પહોંચી હતી. અહીં એક હવસખોર રીક્ષા ચાલકે તેને મદદ કરવાના બહાને જાતીય સતામણી કરતા આખરે સમગ્ર મામલો પોલીસ મથકે પહોંચ્યો હતો. પોલીસે ગુનો નોંધી રિક્ષાચાલકની સામે કાયદાકીય કાર્યવાહી હાથ ધરી છે.

ગોંડલ પંથકના વતની ૧૫ વર્ષની સગીરાના પિતાએ એ ડિવિઝન પોલીસ મથકમાં સિકંદર નામના રીક્ષા ચાલક વિરૂધ્ધ ફરિયાદ નોંધાવતા જણાવ્યું હતું કે, તેમની પુત્રી ગત ૧૦ ફેબ્રુઆરીના રોજ ઘરેથી નીકળી રાજકોટ આવી હતી. અહીં તેણી તેના ફ્રેન્ડ સાથે રહેવા, નાસી જવા માટે ફોન કર્યો હતો પરંતુ યુવકે ના પાડતા હવે શું કરવું? ફસાયેલી સગીરા રાજકોટ એસ.ટી. બસ સ્ટેન્ડ પર પહોંચી હતી અને ત્યાંથી નાનીના ઘરે નાસિક જવા માટે બસની તપાસ કરી રહી હતી.

બસ સ્ટેશનની બહાર હાજર સિકંદર નામના રિક્ષાચાલકે સગીરાની એકલતાનો લાભ લઈ તેની પાસે જઈ 'ક્યાં જવું છે?' તેમ કહી વાતચીત શરૂ કરી હતી. સગીરાને નાસિક જવું હોવાનું જાણતા સિકંદરે તેને સુરત જતી રહેવા અને ત્યાંથી નાસિકની બસ મળી જશે તેવી લાલચ આપી હતી. બસ સ્ટેન્ડ પર ભીડ હોવાનું કહી તેણે સગીરાને લીમડા ચોક ખાતે ખાનગી ટ્રાવેલ્સની ઓફિસે પોતાની રિક્ષામાં લઈ ગયો હતો. ત્યાં સગીરાની ટિકિટ કન્ફર્મ કરાવી તેને રિક્ષામાં બેસાડી રાખી હતી.

રિક્ષાચાલક સિકંદરે સગીરાનો ફોન ચાર્જિંગમાં મૂકવાના બહાને લઈ લીધો હતો અને રિક્ષામાં સગીરાની છેડતી કરી હતી. તેણે સગીરાને ડરાવીને એમ પણ કહ્યું હતું કે, તારે ઘરેથી ભાગવું હોય તો મારો સંપર્ક કરજે અને આપણી વચ્ચે જે વાત થઈ છે તે કોઈને કહેતી નહીં.' આ દરમિયાન સગીરાના પરિવારજનો અને સંસ્થાના કર્મચારીઓ તેને શોધતા હતા. સગીરાએ લોકેશન શેર કરતા પરિવારજનો તેની પાછળ પહોંચ્યા હતા. પકડાઈ જવાની બીકે સિકંદર સગીરાને રિક્ષામાં બેસાડી નવાગામ તરફ ભાગ્યો હતો, પરંતુ અંતે પરિવારજનોના દબાણ હેઠળ તે સગીરાને રાવકી ગામ પાસે ઉતારીને ફરાર થઈ ગયો હતો.

સગીરાએ પોતાના પિતાને આપવીતી જણાવતા, પિતાએ રાજકોટ એ-ડિવિઝન પોલીસ મથકમાં સિકંદર વિરુદ્ધ પોક્સો અને છેડતીની કલમો હેઠળ ગુનો નોધી વધુ તપાસ હાથ ધરી છે.